
# ઘૃણા ઉપજાવે તેવા બે :
# મફતિયા અને કામચોર



- શ્રીરામ શર્મા આચાર્ય

# ઘૃણાજનક બે :
# મફતિયા અને કામચોર

: લેખક :

પં. શ્રીરામ શર્મા આચાર્ય

: પ્રકાશક :

યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

ગાયત્રી તપોભૂમિ, મથુરા -૨૮૧૦૦૩(ઉ.પ્ર.)

ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો. ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

: પ્રાપ્તિસ્થાન :

ગાયત્રી જ્ઞાનપીઠ

પાટીદાર સોસાયટી, જૂના વાડજ,

અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન : (૦૭૯) ૨૭૫૫૭૨૫૨

આવૃત્તિ - ૨૦૧૦ કિંમત રૂા.૧૨.૦૦

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાના નં |
|---|---|---|
| ૧. | મહેનત વગરના ધનની અપેક્ષા કુદરતને પસંદ નથી | ૩ |
| ૨. | પશ્ચાત્તાપ જ ભાગે આવ્યો | ૯ |
| ૩. | બિનજરૂરી ધન સંગ્રહ મુશ્કેલીઓ પેદા કરતો રહેશે | ૨૦ |
| ૪. | મફતીયા વૃત્તિ હંમેશાં અનિષ્ટ પ્રેરણાઓની જનની | ૩૭ |
| ૫. | ભ્રમિત ધારણાઓ | ૪૫ |
| ૬. | ભેગું કરેલું ધન કે શાપ | ૪૭ |
| ૭. | ધનસમૃદ્ધિ માટે યોગ્ય ઉપાય કરો | ૫૩ |
| ૮. | સોડ હોય તેટલો સાથરો તાણો | ૬૦ |


કમાણી કઠોર પરિશ્રમ અને ન્યાયનીતિને આધારે હોવી જોઈએ. પ્રકૃતિ પરમેશ્વરીને બે પ્રવૃત્તિઓ બિલકુલ પસંદ નથી - (૧) મફતવૃત્તિ (૨) કામચોરી. સરેરાશ મનુષ્યની જેમ શ્રમપૂર્વક ઉપાર્જન અને સંયમપૂર્વક નિર્વાહ કરીને બાકીનું જે બચે, તેને પરમાર્થ પ્રયોજનમાં વાપરતા રહેવું જોઈએ. ઔચિત્ય એમાં જ છે. અનીતિથી ઉપાર્જન, લોભવશ સંગ્રહ, વિવેક દૃષ્ટિએ હીન જ કહી શકાય. તેવી જ રીતે શ્રમ વગર કમાયેલી સંપત્તિના ઉપયોગની લાલસા પણ નીતિયુક્ત નથી.

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# મહેનત વગરના ધનની અપેક્ષા કુદરતને પસંદ નથી

સમુદ્ર સંશોધનકાર અંગ્રેજ કપ્તાન થોડાક વૈજ્ઞાનિકોનું એક દળ લઈને સને ૧૭૫૮માં લાંબી સમુદ્ર યાત્રા માટે નીકળ્યો હતો. તેમાં તેણે ઈંગ્લેન્ડથી માંડીને ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ સુધીના લાંબા પ્રદેશોના પ્રમાણિત નકશા તૈયાર કર્યા હતા, સાથોસાથ તે મૂલ્યવાન સંપત્તિ શોધવાનો પ્રયત્ન કર્યો જે વખતોવખત ડૂબેલા જહાજોને કારણે સમુદ્રના તળિયે ડૂબેલી પડી હોય. એક તોફાનમાં ફસાઈ જવાને કારણે સને ૧૭૭૦માં ગ્રેટ વૈરિયર રીફની નજીક તેણે પોતાના જહાજ ઉપર લાગેલી છ તોપ પણ પાણીમાં ફેંકી દીધી હતી. કપ્તાન કૂક દ્વારા આપવામાં આવેલ નિવેદનોમાંથી થોડાંક ખોવાઈ ગયાં છે, તેથી તેનાં કામોને ફરીથી સર્વે કરવાં પડી રહ્યાં છે. તેણે જે જગ્યાએ પોતાની તોપ ફેંકી દીધી હતી તેની નજીક ઘણી જ સંપત્તિ સમુદ્ર તળિયે હોવાનો સંકેત મળ્યો હતો. તેથી તે જગ્યાને શોધવાનો પ્રયત્ન નવેસરથી કરવો પડ્યો.

છેલ્લાં બસો વર્ષોમાં એક પછી એક શોધક દળો દસ વખત તે ક્ષેત્રમાં ગયા પણ તે તોપોને ડૂબવાના સ્થાનની સાચી તપાસ ન કરી શક્યાં. હવે ફિલાડેલ્ફિયાના પ્રાકૃતિક વૈજ્ઞાનિક એકેડેમીના એક શોધક દળે તે સ્થળને શોધી કાઢ્યું છે અને છએ તોપોને તે જ હાલતમાં મેળવી લીધી છે. હવે આગળનું ડગલું તે સ્થાનોને શોધવાનું છે જ્યાં પુષ્કળ સંપત્તિ મળવાની સંભાવના છે.

આ વિશે મિન્સ્ક  ગર્વનરના શોધ રિપોર્ટમાં નવાં તથ્યો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. થોડા સમય પહેલાં નાવોગ્રુદોકના એક સૈનિકે પોતાના ઉચ્ચ અધિકારીઓને માહિતી આપી હતી કે એલેગ્જાનુ રોમાનોવિચ નામના એક ગામડાના માણસ પાસે પ્રાચીન ચીજવસ્તુઓનો મૂલ્યવાન સંગ્રહ છે. છાપો મારવાથી તેની પાસે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સોનાના કીમતી કડા, જંજીરો અને રત્નજડિત વીંટીઓ મળી આવી. તે ખરેખર તો નેપોલિયન દ્વારા એકઠી કરવામાં આવેલી સંપત્તિનો જ એક ભાગ હતો. બાકીનો ખજાનો ક્યાં ગયો તેની પૂછપરછ તે ખેડૂતને કરવામાં આવી તો ખબર પડી કે તેના પૂર્વજોના સમયમાં થયેલા ભાગલાનો અડધો ભાગ પાડોશના ગામમાં રહેતા મુખા નામના માણસના બાપ-દાદાઓને મળ્યો હતો. કદાચ તેની પાસે વધ્યો હોય. મુખાએ કહ્યું કે મહાયુદ્ધ સમયે જ્યારે ગામ ખાલી કરવું પડ્યું ત્યારે તે બધી ચીજોને એક લોખંડના પટારામાં બંધ કરી જમીનમાં દાટી આવ્યો હતો, પણ જ્યારે લડાઈ બંધ થઈ ત્યારે પાછો વળ્યો ત્યારે કોઈકે તે પટારાને જ ગાયબ કરી દીધો, શંકા એ છે કે તે ધનની જાણકારી ફક્ત પૈટ્રિક્ને હતી અને તેને ગાયબ કરવામાં તેનો હાથ હોઈ શકે.

પૈટ્રિક્ને પોલીસે તતડાવ્યો તો તેણે તે વાત સ્વીકારી લીધી. સાથોસાથ એ પણ કહ્યું કે તેને સચવાય તેવી જગ્યાએ રાખવાની ઝંઝટથી બચવા એક પોલીસ અધિકારીને સસ્તી કિંમતે વેચી દીધી હતી અને રોકડા લઈ લીધા હતા. તે પોલીસ ઑફિસર ક્યાં છે ? એ શોધવામાં આવ્યું તો ખબર પડી કે તે રશિયા છોડી વૉરસોમાં જઈ વસ્યો છે. હવે તે શોધખોળ ત્યાં અટકી પડી છે. આગળ ખબર પડતી નથી. જો તે બધી સંપત્તિ મળી શકે તો રશિયા સરકાર સમૃદ્ધ થઈ શકે છે.

એક ત્રીજો ખજાનો અત્યારના દિવસોમાં વધારે ચર્ચાનો વિષય બન્યો છે. સ્પેનનું શાસન અઢારમી સદીના પ્રથમ ચરણમાં અમેરિકાના એક મોટા ભાગ ઉપર હતું. તે લૂંટારાઓથી શોષિત સંપત્તિ હંમેશાં સ્પેન મોકલાતી રહી. ૨૪ જુલાઈ ૧૭૧૫ના દિવસે પંદર મોટાં જહાજ અબજો રૂપિયાની સંપત્તિ લઈને હવાના બંદરેથી સ્પેન તરફ રવાના થયાં હતાં. તેમાં ૧૩૬ પેટીઓ સોનાચાંદી અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

રત્નો-મોતીઓથી ભરેલી હતી. એક અઠવાડિયાની યાત્રા જ તેઓ કરી શક્યાં હશે કે ભયંકર સમુદ્ર તોફાનમાં તેઓ ફસાઈ ગયાં અને લગભગ બધાં જહાજ ઊંડા પાણીમાં ડૂબી ગયાં. હજારો યાત્રીઓ અને નાવિકો સાથે તે સંપત્તિ પણ સમુદ્રના પેટમાં સમાઈ ગઈ. થોડાક નાવિકો જ ગમે તે રીતે બચી ગયા. તેથી અકસ્માતનું વિવરણ જાણવા મળ્યું.

સ્પેનના મરજીવા તે સંપત્તિને બહાર કાઢવાનો પ્રયત્ન કરતા રહ્યા. એક વખત થોડુંક કહેવાતું ધન કાઢ્યું પણ ખરું, પણ તે હુમલો કરી સમુદ્રના ડાકૂ લૂંટી ગયા. ત્યારથી શોધકોનો ઉત્સાહ ઢીલો પડી ગયો, છતાં પણ લહેરોની સાથે વહીને આવનારા સિક્કા જે કિનારાની માટીમાં ભળી ગયેલા મળી આવે છે, હજુ પણ તે લાલચને જીવંત રાખે છે અને પ્રયત્નોને મરી મરીને જીવિત હોવાની પ્રેરણા આપતા રહે છે.

વૈગનર અને કૈલ્સો નામના બે સાહસિક મરજીવાએ આઠ માણસોની એક વ્યાવસાયિક સંસ્થા બનાવીને નવેસરથી પ્રયત્નો કર્યા છે. ફ્લોરિડા રાજ્યની સરકારે પોતાના ક્ષેત્રમાં દબાઈને પડેલા આ ખજાનાને કાઢવાનો અધિકાર આ કંપનીને એ શરતે આપ્યો છે કે મળેલ ધનનો ચોથો ભાગ સરકારને મળે. સને ૧૯૬૭માં પ્રથમ વખત આ જગ્યાએ એક મોટો ભાગ કાઢવામાં આવ્યો તેમાં ૬૦ હજાર સોનાના સિક્કા હતા. ત્યારથી અત્યાર સુધી ઘણું જ કાઢવામાં આવ્યું છે. તેમાં લગભગ ૧૦૦ કિલો વજનની ૪૨ ચાંદીની પાટો અને નાની ૬ કિલો વજનની ૧૦ પાટો મુખ્ય છે. જે આભૂષણ તથા ઉપકરણ નીકળે છે તેને સંગ્રહાલયો દ્વારા સારી કિંમતે ખરીદી લેવામાં આવે છે. જે આ વર્ષોમાં શોધી કઢાયું છે તેની સરખામણીએ જે દબાયેલું પડ્યું છે, જે શોધવાનું છે તે સેંકડોગણું વધારે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક ચોથી ઘટના છે. તે દિવસોમાં અમેરિકા નવું નવું વસ્યું હતું. લગભગ બધા જ યુરોપિયન દેશો ત્યાંથી દોલત લૂંટી જવા માટે ધમાચકડી મચાવતા હતા. તેમાંથી એક દુ:સાહસીનું નામ હતું જ્ઞાન એવાન માર્ટિન. તેણે સાંભળ્યું હતું કે બ્રાઝીલનાં ગાઢ જંગલોમાં પુષ્કળ સોનાની ખાણો વેરાયેલી પડી છે અને લોકો તેને ખોદીને પુષ્કળ ધનદોલત ભેગી કરી રહ્યા છે. તે દુ:સાહસી યુવક પણ આ લોભ સહન ન કરી શક્યો અને તે તરફ જ ચાલી નીકળ્યો. માર્ટિન છેલ્લા દસ વર્ષોથી સમુદ્રસેનામાં કામ કરતો હતો, તેણે ઘણા દેશ અને વિવિધ પ્રકારના અનુભવો મેળવ્યા હતા. જિંદગી અને મોતની લડાઈ સાથે તે કેટલીય વખત લડ્યો હતો. તેનાથી તે ડર્યો નહિ, પણ તે બેવડો સાહસી બની ગયો. બ્રાઝીલથી સોનું મેળવવાનું સાહસ તેણે પોતાની એકત્ર કરેલી જોખમ ઉઠાવવાની આદત મુજબ કર્યું હતું.

ગોરા લોકો બ્રાઝીલના દક્ષિણક્ષેત્રમાં જ શોધ કરવા જતા હતા. ઉત્તરીક્ષેત્રમાં જવાની તેની હિંમત ચાલતી નહોતી. ખરેખર સોનું ત્યાં જ વધારે હતું. કારણ એ હતું કે ઉત્તરીક્ષેત્રમાં જે આદિવાસી વસેલા હતા, તે ખૂબ જ ખૂંખાર હતા. ત્યાંથી પસાર થનારને ડગલેપગલે તેમના આક્રમણનો શિકાર બનવું પડતું હતું અને મોટેભાગે મોતને ઘાટ ઊતરવું પડતું. એટલા માટે તે ક્ષેત્રમાં વીરલોકો જઈ શકતા. માર્ટિને તે ક્ષેત્રમાં જવાનું ઠેરવ્યું. આદિવાસીઓની આદતો અને તેમનાથી બચવાની યુક્તિઓનું અધ્યયન કર્યા પછી જાહેર કર્યું કે તે તેમનાથી બચતો રહીને પોતાનું કામ પૂર્ણ કરશે અને તે થોડાક કૂલીઓ સાથે ઉત્તરી બ્રાઝીલનાં ગાઢ વનમાં ઘૂસી જ ગયો.

કેટલાંય સપ્તાહ આમ તેમ ઠોકર ખાતો છેલ્લે તેણે તે ક્ષેત્ર શોધી કાઢ્યું જ્યાં સોનાની નાનીનાની ખાણો વેરાયેલી પડી હતી. પોતાનાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org　　http://literature.awgp.org

નાનાં નાનાં સાધનોથી  તે સોનું એકઠું કરવા લાગ્યો અને બે મહિનામાં જ તેણે લગભગ સાઈઠ પૌંડ સોનું ભેગું કરી લીધું. વધારે ભેગું કરવા કરતાં તેણે એ સારું સમજ્યું કે જે કમાયો છે તેને કોઈ સુરક્ષિત જગ્યાએ પહોંચાડી દે અને પછીથી આગળ શોધ કરે.

પીઠ ઉપર ૬૦ પૌંડ સોનાનો ભારે થેલો લઈને તે ધીરેધીરે ચાલી નીકળ્યો, રસ્તામાં પૂરટોરી કોકાની એક નાનકડી હોટલમાં રોકાવાનું થયું. તે હોટલનો માલિક ગ્લેવેજ જાણીતો બદમાશ હતો. દેખાડવા માટે તો તે હોટલમાં દારૂખાનું અને જુગાર રમાડતો પણ તેનું સાચું કામ સોનાની ખાણો ખોદનારાઓની તપાસ કરવાનું અને તેમની ઉપર હુમલો કરી મારી નાંખવાનું હતું. આ રીતે તેણે કરોડો ડૉલરની કમાણી કરી હતી અને સેંકડો માણસો એ રીતે ખતમ કર્યા હતા કે તેમની લાશ પણ હાથમાં ન આવે અને લોકો એ પણ શોધી ન શકે કે તેમનું થયું શું ?

માર્ટિનની પીઠ ઉપર લદાયેલ સોનાને તેણે ઓળખી લીધું અને પોતાની પિસ્તોલ લઈ તેનો પીછો કરવા લાગ્યો. ગ્લવેજ વિશે માર્ટિને સાંભળ્યું તો હતું, હવે તેને પોતાના મોતની જીવતી જાગતી છાયા અત્યાર સુધી દબાતી નજરે પડી. હવે શું થઈ શકે ? તેની ઉપર ઝીણવટભરી નજરે વિચાર્યું અને નિર્ણય કર્યો કે તે સામે આવતા કોતરમાં અર્થાત્ કબીલાના લોકોના ગામમાં ઘૂસી જશે અને તેને છેતરાવી ગમે તે રીતે પોતાનો જીવ બચાવશે. તેની યોજના સફળ થઈ.

શિકાર હાથમાંથી જતો જોઈ ગ્લવેજે ગોળી છોડી. ગોળીનો અવાજ સાંભળીને ક્વાઈલી લોકોનું આખું ગામ પોતાના હથિયાર લઈ આવી ગયું અને ચારે બાજુથી ઘેરીને તેનું માથું કાપી લીધું. આ સમયે મોકો જોઈને માર્ટિન ભાગી છૂટ્યો, પણ ભાગવા માટે જરૂરી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હતું કે તે વજન હલકું કરે અને સોનાનો મોહ છોડીને એવી ઝાડીમાં સોનું છુપાવી પોતાના તંબુ તરફ ચાલી નીકળ્યો, જેને શોધી શકવું ક્યારેય તેના માટે સંભવ બન્યું નહિ, ખરેખર તે ઘણી વખત મોટી તૈયારી સાથે તે જગ્યાએ પહોંચવાનો પ્રયત્ન કરતો રહ્યો.

ત્યાર પછી પણ માર્ટિને ઘણા પ્રયત્નો કર્યા. કેટલીય વખત ઘણું મેળવ્યું પણ ખરું, પરંતુ તે ગમે તે રીતે હાથમાંથી જતું રહ્યું. નિરાશ થઈ તે અમેરિકા છોડી ઑસ્ટ્રેલિયા જઈને વસ્યો અને ત્યાં જેમ તેમ દિવસો કાઢવા લાગ્યો.

ઉપર્યુક્ત ચાર ખજાનાની વાત વાંચીને આપણામાંથી કોઈ પણ વિચારી શકે છે કે આવો જ કોઈ દબાયેલો ખજાનો, આપણા હાથમાં આવી જાય તો કેટલું સારું થાય. સાચે જ આ ધરતીના ઉદરમાં દબાયેલા એવા ખજાનાઓની સંખ્યા હજારો-લાખોમાં હશે જેને મનુષ્યે કોઈ પણ રીતે મેળવ્યો તો ખરો, પણ તે તેનો ન તો ઉપયોગ કરી શક્યો અને ન તો ઉપભોગ. તેણે તેને કોઈ રીતે એકઠો તો કરી લીધો અને જરૂરિયાતવાળાઓની નજરથી છુપાવી ક્યાંક દબાવી-છુપાવી રાખ્યો. જે સમય માટે સંગ્રહ કર્યો હતો તે સમય આવ્યો જ નહિ અને બધી જ દોડધામ જમીન નીચે દબાયેલી રહી ગઈ. અત્યાર સુધી કોઈના કામમાં નથી આવી. આ પહેલાં તે ઓછામાં ઓછી કોઈના કામમાં તો આવતી હતી. હવે તેનું કામ એક જ છે કે તે દિશામાં વિચારનાર દરેક વ્યક્તિના મનમાં મફતિયાપણાની લાલચ ઉત્પન્ન કરે.

*



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પશ્ચાત્તાપ જ ભાગે આવ્યો

પાઈલીન બીવરના જીવનનો તે સૌથી વધારે રોમાંચક દિવસ હતો, જ્યારે કોઈ પહાડને સોના જેવી ચમકતી ધાતુ કાઢતો જોયો. તંબુ પહાડીથી થોડેક દૂર જ  હતા, જ્યાં બીવરના બીજા સાથીઓ ગાઢ નિદ્રામાં સૂઈ રહ્યા હતા. બીવર એકલો જ ઊઠીને ગયો અને ધાતુનો એક ટુકડો હાથમાં લઈ જોવા લાગ્યો તો આશ્ચર્યચકિત રહી ગયો. તે સો એ સો ટકા શુદ્ધ સોનું હતું. જલદી જલદી તેણે ઘણા ટુકડા ભેગા કર્યા અને પહાડ તરફ ચાલવા ઊભો થયો ત્યારે તેના પગ નીચેની જમીન ખસતી હોય તેવું લાગ્યું. તેણે જોયું કે તંબુ ગાયબ હતા. તે જગ્યાએ સળગેલી રાખનો ઢગલો પડ્યો હોય તેવું લાગ્યું.

વીણેલા સોનાના ઢગલાના બધા ટુકડા ત્યાં વેરાઈ ગયા. ભયથી શરીર કાંપવા લાગ્યું. વાત શું છે તે સમજવા માટે તેણે ફરીથી નજર પાછળ ફેરવી તો એક વિચિત્ર દૃશ્ય જોવા મળ્યું. પર્વતની ટોચ ઉપરથી હજારો પડછાયા ઊતરી રહ્યા હતા અને ભયંકર અવાજ સાથે તેના તરફ સેનાના સિપાઈઓની માફક દોડતા આવી રહ્યા હતા. બીવર બૂમો પાડવા લાગ્યો અને બેભાન બની તે ત્યાં ઢગલો થઈ ગયો. ચેતના પાછી આવી ત્યારે ત્યાં કશું  જ નહોતું. હવે ત્યાંથી ભાગી છૂટેલો બીવર ફરીથી તે જગ્યાએ જવાની હિંમત ન કરી શક્યો.

૧૬ વર્ષ પછી તેવી જ એક ઘટના મૈક્સિકોના યુવક પૈરેલટાની સાથે થઈ, તેના પણ બધા સાથીદાર આ અભિયાનમાં માર્યા ગયા હતા. તે તો તેનું ભાગ્ય હતું કે તે ગમે તે રીતે જાતે રાક્ષસના હાથમાંથી બચી નીકળ્યો.

પાઈલીન બીવર અને ડૉન પૈરલટા બંનેએ પોતપોતાનાં સંસ્મરણ છપાવ્યાં ત્યારે લોકોને સોનાનો વરસાદ વરસાવતા અદ્‌ભુત પહાડની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખબર પડી. જેના વિશે એમ કહેવામાં આવે છે કે અત્યાર સુધી ત્યાં સોનાની લાલચે જે ગયા તે જીવતા પાછા નથી આવ્યા, જે જીવતા પાછા આવ્યા તેઓ સોનાનો એક કણ પણ લાવી નથી શક્યા, હા ! તેઓ ભય લઈ આવ્યા જેનાથી ત્યારપછી ફરીથી તેમણે ત્યાં જવાની ક્યારેય હિંમત નથી કરી. આ પહાડ અમેરિકાના એરિઝોના ક્ષેત્રમાં આવેલો છે અને અત્યાર સુધી આ પ્રકૃતિના એક વિચિત્ર આશ્ચર્ય રૂપે હયાત છે. એરિઝોના રશિયાના સાઈબેરિયા ક્ષેત્ર જેવું છે, જે રીતે સાઈબેરિયા પુષ્કળ વિકિરણવાળો પ્રદેશ છે તેમ આ પણ વિચિત્ર આશ્ચર્યોથી ભરેલો છે. એક લાંબો અને ૬૦૦ ફૂટ ઊંડો ખૂબ જ મોટો ક્રેટર જે કોઈ ઉલ્કાના આઘાતે બનાવ્યો છે તે અહીં છે. તેનાથી મોટો ૬ કિ.મી. લાંબો અને ૭૦૦ મીટર ઊંડો ક્રેટર કેનેડામાં છે, બીજો કોઈ આટલો મોટો ક્રેટર નથી.

ડૉન પૈરેલટાની યાત્રાના બે વર્ષ પછી સોનાની લાલચે દુનિયાના સેંકડો લોકોએ એરિઝોનની યાત્રા કરી. તેમાં અમેરિકાના જ યુવક સૌથી વધારે સંખ્યામાં ગયા અને પ્રાણ આપીને શાંત થઈ ગયા.

એક વખત અમેરિકાના સુપ્રસિદ્ધ ડૉક્ટર લબરેન રોઅલી પણ ત્યાં પહોંચી ગયા. લાલચ ગમે તેને ગાંડા બનાવે છે. લબરેન ગમે તે રીતે પહાડ પાસે પહોંચવામાં સફળ થઈ ગયા, પણ ધ્રુજવા જેવા એક ભયંકર અવાજે અને સેંકડો માયાવી પડછાયાઓએ તેને ઘેરી લીધો. થોડીવારમાં તેનું શરીર મડદું બનીને પડ્યું હતું. આ મોતે અમેરિકામાં ખળભળ મચાવી. ડૉક્ટરી તપાસથી ખબર પડી કે રોઅલીનું લોહી ચૂસી લેવાયું હતું, પણ કેવી રીતે તેની ખબર ન મેળવી શકાઈ. ત્યારથી તે પહાડનું નામ 'ખૂનીપહાડ' જ પડી ગયું.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ પહાડ વિશેની વિચિત્રતા એ છે કે તે નિશ્ચિત સમયે જ સોનું વરસે છે. તેવી જ રીતે અત્યાર સુધી ત્યાં જેટલી હત્યાઓ થઈ તે દિવસના ૪ વાગ્યે થઈ. ૪ વાગ્યે જ આ ટોચનો પડછાયો પૃથ્વીને અડકે છે. મરનારાઓના શરીરની એફ.બી. આઈ. દ્વારા તપાસ કરવામાં આવી કે અહીં જે કોઈ હત્યાઓ થઈ તે લોહી ચૂસી લેવાથી જ થઈ, જ્યારે કોઈ પણ શબમાં ઘા કે વાગ્યાનું કોઈ નિશાન મળતું નથી. ઓસ્ટ્રેલિયાના યુવક ફેજ હેરર હોમર તથા હોનોલૂલૂના ઘણા વેપારીઓની હત્યા આ પહાડના કેટલાક તાંત્રિક રહસ્યો દ્વારા જ કરવામાં આવી. સૌથી રોમાંચક પ્રસંગ જર્મનીના એન્જિનિયર વાલ્જનો છે. વાલ્જ આ પહાડનાં રહસ્યો ભલે ન શોધી શક્યો હોય પણ તેની શોધમાં સંઘર્ષ તથા સોનું મેળવવાનો સૌથી વધારે આનંદ તેણે જ મેળવ્યો.

વાલ્જ એન્જિનિયર બનીને એરિજોનાની ખાણોમાં કામ કરતો હતો ત્યારે તેના મનમાં સોનું વરસાવતા આ પહાડનું રહસ્ય જાણવાની તીવ્ર ઈચ્છા થઈ. વાલ્જનું અનુમાન હતું કે પહાડીનું રહસ્ય અપૈચી કબીલાના મુખ્ય તાંત્રિકોના હાથમાં જ હોઈ શકે; કારણ કે તે લોકો તેની આજુબાજુ વસે છે. અપૈચી ઘણા ખૂંખાર હોય છે. ગોરાઓ તરફ તેમને ઘણી ઘૃણા હોય છે. ઘણી વખત અમેરિકનોએ તેમનો વિધિવત્ સંહાર કર્યો, જેનાથી તેમના મનમાં ગોરાઓ તરફ વધારે તીવ્ર ઘૃણાનો ભાવ છે. ૧૮૭૨નો 'અપૈચી લીપ' વિશ્વ પ્રસિદ્ધ છે જેમાં જાનવાકરે અપૈચીઓને ખરાબ રીતે કાપ્યા હતા. ત્યાર બાદ અપૈચીઓના સરદાર ગૈરોનિયોએ ગોરાઓ ઉપર ગોરિલ્લા હુમલા કર્યા. તેનો નાશ કરવા માટે ૧૮૮૬માં જનરલ નેલ્સને યુદ્ધ કર્યું હતું અને તેમને પાછા ધકેલી દીધા હતા, ત્યારથી તે તાંત્રિકો આ પહાડ ઉપર શરણ લઈ રહ્યા છે, જે કોઈ ત્યાં ગયા, તે આજ સુધી પાછા નથી આવ્યા.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વાલ્જે ચતુરાઈથી કામ લીધું. તેણે એક અવૈચી યુવતી કેન.ટી. સાથે પ્રેમ કરી લીધો અને તેની સાથે લગ્ન કરી લીધાં. આદિવાસીઓનો સદ્ભાવ મેળવવા માટે આ એક મોટી વાત હતી જેનાથી વાલ્જને પહાડ સુધી જવાનો રસ્તો ખૂલી ગયો. તેણે કેન. ટી. પાસેથી પણ રહસ્ય જાણવાનો પ્રયત્ન કર્યો પણ તેને જલદીથી ખબર પડી ગઈ કે કેન.ટી. તો શું બધા આદિવાસીઓમાંથી થોડાક જ તાંત્રિક એવા છે જે આ રહસ્યને જાણે છે બધા નહિ.

તેણે પહેલાં તો કેન.ટી.ની મદદથી ઘણું સોનું ભેગું કર્યું. પછી જૈકબ વિજનર નામના યુવક સાથે મિત્રતા કરીને આ પહાડના અંતરંગ રહસ્યોની ભાળ શોધવાનું કામ શરૂ કર્યું. તે ઘણી વખત સામેથી પહાડ તરફ ગયો પણ દરેક વખતે તેને જીવ બચાવીને ભાગવું પડ્યું. આ પ્રયત્નોમાં કેન.ટી.નું અપહારણ કરી લેવામાં આવ્યું અને અપૈચીઓએ તેની જીભ કાપી લીધી જેનાથી તે મરી ગઈ. છેલ્લે નિરાશ થયેલા વાલ્જે રસ્તો બદલ્યો. લાંબો રણપ્રદેશ પાર કરી પાછળથી પહાડી પાસે પહોંચવામાં સફળ થયો.

રણ પ્રદેશના મેદાનમાં તંબુ બનાવી વાલ્જ જૈકબ સાથે બહાર નીકળ્યો અને હજુ તે થોડેક જ  દૂર પહોંચ્યો હતો કે તેણે અગ્નિ જેવી ચિનગારીઓ પોતાની તરફ આવતી જોઈ. રાત હતી-પણ જોતજોતામાં દિવસ જેવું અજવાળું ફેલાઈ ગયું.  તે પ્રકાશમાં વિચિત્ર ભયંકરતા હતી. બંને ત્યાંથી ભાગ્યા ત્યારે થોડાક પથ્થર તેમની આજુબાજુ પડ્યા. વાલ્જ ભાગતાં ભાગતાં પથ્થરને અડક્યો તો જોયું કે તે બિલકુલ ઠંડો હતો, તે રોકાઈ ગયો, પાછું વાળીને જોયું તો આગ વરસાવતી લપટો પણ શાંત થઈ ગઈ હતી. એટલે તે ફરીથી  પહાડ તરફ પાછો વળ્યો. તેને કેન.ટી દ્વારા એટલી તો ખબર પડી ગઈ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હતી કે પહાડની અંદર જવા માટે એક સુરંગ જાય છે. વાલ્જ થોડાક જ પ્રયત્નથી સુરંગના દરવાજા પાસે પહોંચી ગયો. ગભરાતો તે અંદર ગયો. ત્યાં તેને થોડાક કમરા અને હજારોની સંખ્યામાં નર-કંકાલ સૂતેલા જોયા. જોવાથી લાગતું હતું કે આ કંકાલ હજારો વર્ષ પહેલાંના પણ છે. આગળ વધવાથી તેને તે ખડક પણ જોવા મળ્યો, જ્યાં સોનાનો રસ નીકળતો હતો, પણ સોનાનો મૂળભૂત સ્રોત તો ન મળ્યો, પણ આગળ જવાનો રસ્તોય ન મળ્યો. ત્યાં પુષ્કળ ગરમીને કારણે આગળ જવું મુશ્કેલ બની ગયું. ઠેરઠેર તેને ઘણું સોનું મળ્યું, પરંતુ પાછા વળતી વખતે તાંત્રિકોએ તેને જોઈ લીધો. જૈકબને તો ત્યાં જ પતાવી દીધો પણ વાલ્જ ગમે તે રીતે બચી ગયો. ૧૮૯૧માં તે મરી ગયો. તેની ડાયરીના સહારે પાછળ બરેની વગેરેએ પણ યાત્રાઓ કરી પણ સોનું વરસાવતા તે પહાડના મૂળની શોધખોળ કોઈ કરી ન શક્યું. અત્યાર સુધી સોનું વરસાવતા તે પહાડની વાસ્તવિક્તા ઉપર પડદો જ પડેલો છે. નથી કોઈ મૃત્યુનાં કારણો જાણતું અને નથી જાણતું સોનાના સ્રોતને.

અચાનક પુષ્કળ ધન સંપત્તિ મેળવવાની લાલચે કોણ જાણે કેટલી વ્યક્તિ અત્યાર સુધી ભારે પ્રયત્નો કરતી રહી અને હતાશ થતી રહી. તેમાંથી સફળતા તો કદાચ કોઈને જ મળી હશે પણ પસ્તાવો ઘણાને કરવો પડ્યો છે.

સંસારની સ્વસ્થ અર્થ પરંપરા એ છે કે દરેક વ્યક્તિ કઠોર શારીરિક અને માનસિક પરિશ્રમ કરે અને તે ન્યાયી ધનથી પોતાની યોગ્ય જરૂરિયાતોને પૂર્ણ કરવા ઉપરાંત લોક મંગળ માટે પણ દા ન આપે. આવો સમુચિત દષ્ટિકોણ જેનો નથી હોતો તેમને ગમે તે રીતે પુષ્કળ પ્રમાણમાં ધન કમાવાની ઉતાવળ હોય છે. એવા જ લોકો સાથે સોનાના શોધકોની મનોરંજક વાર્તાઓ જોડાયેલી છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

બ્રાઝીલની પહેલાંની રાજધાની રિયો-ડિ-જૈનરો વિશે પુરાતત્ત્વ પ્રદર્શનમાં સને ૧૯૨૪નો એક દસ્તાવેજ મૂક્યો છે. તેનો ક્રમાંક છે - ૫૧૨. તેનો ગંભીરતાપૂર્વક અભ્યાસ કરવા માટે સંસારના ખૂણેખૂણેથી ઇતિહાસકારો, ભૂગોળવેત્તા, પુરાતત્ત્વ વિશારદો અને વૈજ્ઞાનિકો આવતા રહ્યા છે અને એ નિષ્કર્ષ પર પહોંચવાનો પ્રયત્ન કરે છે, કે આ દસ્તાવેજમાં લખેલાં તથ્યોનો લાભ કેવી રીતે ઉઠાવી શકાય.

આ દસ્તાવેજોમાં એક બરફથી ઢંકાયેલ પર્વતમાળા નજીક ગાઢ વનમાં એવા ખંડિત નગરની ચર્ચા છે જ્યાં કોઈ સમયે કદાચ બ્રાઝીલની રાજધાની હશે અને કોઈ સભ્ય જાતિ શાસન કરતી હશે. સમય જતાં તે નાનું નગર ખંડેર બની ગયું, પણ જ્યાં હજુ પણ તે ખંડિત અવશેષોમાં મૂલ્યવાન સોનાના ભાગો વેરાયેલા પડ્યા છે. અનુમાન છે કે ખોદકામ કરતાં ત્યાં સોના અને ચાંદીના મૂલ્યવાન ભંડાર મળી શકે તેમ છે. આ સોનાના ભંડાર સંબંધે જે વખતોવખત શોધખોળો થતી રહી તેનો ક્રમબદ્ધ ઇતિહાસ ઉપરના દસ્તાવેજોમાં સાંકેતિક ભાષામાં લખાયો છે. આ દસ્તાવેજોને આધારે નિશ્ચિત સ્થાન પર પહોંચી શકવાનું કેવી રીતે સંભવ છે, એ વિશ્વાસપાત્ર છે કે અવિશ્વાસપાત્ર આ ગડમથલમાં શોધકોની શોધખોળ ચાલુ રહે છે.

દસ્તાવેજો મુજબ વોલોવિયા અને બ્રાઝીલની સીમા નજીક બરફથી છવાયેલ પર્વતમાળા નજીક એક ફેલાયેલ વિસ્તાર છે. આ ઊંચી પર્વતમાળાઓ હંમેશાં ગાઢ ધુમ્મસથી ઢંકાયેલી રહે છે. એટલા માટે વિમાનમાંથી ફક્ત પહાડની ટોચ જ દેખાય છે, નીચે શું છે એ જોવાનું તે ધુમ્મસને કારણે મુશ્કેલ બની જાય છે.

વિવરણ મુજબ અઢારમી સદીની શરૂઆતમાં એક શોધક દળને આ ક્ષેત્રમાં જમીનમાં દબાયેલા મૂલ્યવાન ખજાનાનો આભાસ થયો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને તે શોધવા માટે નીકળી પડ્યું. તે ક્ષેત્રના ગાઢ વનમાં પ્રવેશ્યાના કેટલાય મહિનાઓ પછી તેમણે તે ક્ષેત્રમાં થોડાક ખંડિત નગરના અવશેષો જોયા તો લાગ્યું કે કોઈ નાનકડી સુખી નગરીના હતા. જે ભૂકંપ વગેરે દેવી કોપના કારણે નષ્ટ થઈ ગઈ હતી. આ ખંડેરોમાં જ્યાં ત્યાં સોનાના સિક્કા, સળિયા, વાસણ, શસ્ત્ર વગેરે વેરાયેલાં પડ્યાં હતાં. તેનાથી સાબિત થતું હતું કે સોનું કેટલા મોટા પ્રમાણમાં છે. જો ઢગલાઓનું ખોદકામ કરાવી શકાય તો તેની નીચે કરોડોની સંપત્તિ મળી શકે તેમ હતી.

શોધક દળ જરૂરી જાણકારી મેળવી પાછું આવ્યું તો તેણે મદદ માટે પોતાના સાથીઓને આવવા માટે સંદેશો મોકલ્યો. પરાગુઆસ નદીને કિનારે વસેલા આદિવાસીઓના હાથે એક પત્ર મોકલ્યો. જેમાં તે સુવર્ણ નગરીનો નકશો, ત્યાંની સંપત્તિ, પહોંચવાનો રસ્તો વગેરે વિશે સાંકેતિક ભાષામાં ઘણું લખ્યું છે. આ છે તે ૫૧૨ નંબરનો દસ્તાવેજ જેની શોધખોળમાં ભારે માથાકૂટ કરવામાં આવી રહી છે.

પત્ર યોગ્ય જગ્યાએ પહોંચી ગયો. મદદ માટે દળ પહોંચ્યું, પણ તેમને આગળ ગયેલ ટીમ ન મળી. સંભવ છે કે તેઓ તે ક્ષેત્રના બર્બર નર ભક્ષીઓના શિકાર થઈ ગયા હોય. સહાયકો નિરાશ થઈ પાછા આવ્યા પણ તેમણે તે જાણકારીને બીજાઓ માટે ઉપલબ્ધ કરાવી દીધી. ત્યારથી માંડીને અત્યાર સુધી તે સ્થાનની શોધ માટે ઘણા પ્રયત્નો થયા, પરંતુ એકેયમાં સફળતા નથી મળી.

વિશ્વ પ્રસિદ્ધ બ્રિટિશ શોધક કર્નલ પી.એચ.ફાસેટ પોતાના બે સાથીદારો સાથે ૨૦ એપ્રિલ ૧૯૨૫ના દિવસે તે શોધમાં નીકળ્યા. રસ્તામાં તેઓ પોતાના સંદેશાઓ માહિતી કેન્દ્ર સુધી મોકલતા રહ્યા. ૨જી મે એ મોકલાવેલો તેમનો છેલ્લો સંદેશો મળ્યો, તે દિવસે 'હેડ હોર્સ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કેમ્પ' સુધી પહોંચી ગયા હતા. ત્યાર પછી તેમના સમાચાર આવતા બંધ થઈ ગયા અને પછી કશી ખબર ન પડી કે તેમના ઉપર શું વીત્યું.

તેના થોડા સમય પછી કમાંડર જ્યોર્જ ડ્યટના વડપણ હેઠળ એક શોધક દળ રવાના થયું. તેઓ ફાસેટ્ના છેલ્લા સમાચારવાળા સ્થાનથી આગળ વધીને કિલીસ્યૂ નદીને પાર કરીને એક આદિવાસી ગામમાં પહોંચ્યા, જ્યાં ક્લાપલિસ કબીલાના લોકો રહેતા હતા. આટલા સમાચાર આવ્યા પછી તેમની માહિતી પણ મળી શકી નથી. કદાચ કોઈ આફતે તેમનો પણ નાશ કરી નાંખ્યો.

ત્યાર બાદ ૧૯૪૫માં લંડનના એક પ્રોફેસર ઍરિક હેમ્નિડ તે શોધ માટે નીકળ્યા. તેમણે દસ્તાવેજોનો અત્યંત ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો અને બ્રાઝીલના નકશા સાથે તેને સરખાવી જોયો. ત્યાર બાદ તેઓ શક્ય બની ત્યાં સુધી હવાઈ જહાજ, જીપ, મોટર, મોટર સાઈકલ વગેરેની મદદ લઈને અને ત્યારબાદ ચાલતા નીકળી પડ્યા. તેઓ આ પ્રદેશના ખ્રિસ્તી ધર્મના પ્રચારમાં રચ્યા પચ્યા રહેતા પાદરી જોનયલ વેલ્સને મળ્યા. તેમણે પિસ્ટોકો ગામમાં એક નાનકડું ગિરજાઘર બનાવ્યું હતું અને બાર વર્ષથી એ પ્રયત્ન કરી રહ્યા હતા કે તે ક્ષેત્રના નરભક્ષી આદિવાસીઓને ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તિત કરી શકે. પાદરીએ આ વિચિત્ર શોધક હૈમન્ડની વાત ધ્યાનથી સાંભળી તો એવી સલાહ આપી કે તેઓ તે ઝંઝટમાં ન પડતાં પાછા વળી જાય, કારણ કે તે ક્ષેત્રના નરભક્ષી આદિવાસી અસાધારણ રૂપે બર્બર છે. એક વખત બ્રાઝીલ સરકારે તેમની સાથે લડવા ૨૫૦ સૈનિકોની સશસ્ત્ર ટુકડી મોકલી હતી. પણ આદિવાસીઓએ તેમાંથી એકેય્યને પણ જીવતો પાછો જવા ન દીધો. અહીંનું હવે પછીનું વન એટલું જટિલ છે કે તેમાં ઘૂસીને પાછા આવવું સંભવ નથી બનતું.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખૂબ સમજાવવા છતાં પણ હૈમન્ડ પાછા હટવાનો વિચાર સ્વીકારી ન શક્યો અને તે આગળ જ જવા નીકળી પડ્યો. જતી વખતે પાદરીએ તેમને ૧૩ પાલતુ કબૂતર આપ્યાં અને કહ્યું કે એક એક કરીને તેઓ તેમના પગમાં પત્ર બાંધીને તેમના સુધી સંદેશ પહોંચાડતા રહે, જેથી તે જાણકારીને શોધ કેન્દ્ર સુધી પહોંચાડી શકાય. હૈમન્ડે શક્ય છે કે બધાં કબૂતર સાથે જરૂર સંદેશા મોકલ્યા હશે, પણ છઠ્ઠું, અગિયારમું અને તેરમા નંબરનું એમ ત્રણ કબૂતર પહોંચ્યાં. બાકીનાં દસ ક્યાંક રસ્તામાં ભટકી ભટકીને મરી ગયાં. આ ત્રણ કબૂતર દ્વારા આવેલ પત્ર દ્વારા ખબર પડી કે હૈમન્ડ તે ખંડેર -ભૂતનગરી સુધી પહોંચી ગયો છે અને ત્યાં સુધી પહોંચવાનો રસ્તો બારમા નંબરના કબૂતર સાથે મોકલ્યો છે, પણ દુર્ભાગ્ય એ કે કબૂતર જ ગાયબ થઈ ગયું અને તે જાણકારી ઉપર પડદો જ પડી રહ્યો. છેલ્લ કબૂતર સાથે મોકલાવેલ પત્રમાં લખ્યું કે હું બીમાર પડી ગયો છું. મારું મોત નજીક છે પણ સંતોષ એ વાતનો છે કે ફાસેટ દ્વારા શરૂ કરાયેલ શોધનું છેલ્લું પગથિયું મેં પૂર્ણ કર્યું. હવે હું શાંતિપૂર્વક મરી શકીશ. આ ક્ષેત્રમાં સ્વર્ણ ખંડેરોનું અસ્તિત્વ કાલ્પનિક નથી. પાદરીએ તે ત્રણ પત્ર યોગ્ય જગ્યાએ પહોંચાડ્યા અને દસ્તાવેજોની કડીઓમાં તે પણ એક કડી બની ગયા.

તેરમા કબૂતરના સંદેશાને આધાર માનીને પાદરી જોનાયને જાતે પુષ્કળ શોધખોળ કરી કે હૈમન્ડના ખબર મળી જાય પણ તેમને સફળતા ન મળી. ત્યાર બાદ બ્રાઝીલ સરકારને વિનંતી કરીને હવાઈ જહાજથી તે ક્ષેત્રના ફોટા ખેંચાવડાવ્યા પણ તેનાથી પણ કોઈ ખબર ન મળી કે તે ખંડેર આખરે કઈ જગ્યાએ આવેલું છે.

સ્ટેનેવે ફર્નાડને ગમે તે રીતે 'જેમ્સ' નામની વ્યક્તિની લખેલી એક 'ડાયરી' હાથમાં આવી ગઈ, જેમાં અમેરિકામાં આવેલ એક ખૂની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પહાડનું વર્ણન હતું જ્યાં સોનું દબાયેલ જ નથી પડ્યું, પરંતુ વરસે પણ છે. ત્યાં પહોંચનારને પોતાના પ્રાણ બચાવવાના પણ ફાંફાં પડી જાય છે. ડાયરી લેખક તે શોધખોળમાં પોતાના પ્રાણ ગુમાંવી બેઠા, પણ તે પહેલાં તેમણે તે સુવર્ણ પર્વત વિશે પુષ્કળ માહિતી લખી નાંખી હતી. જેથી કોઈને તે મળી જાય તો તે સંપત્તિથી કોઈ વધારે લાભ વ્યક્તિ ઉઠાવી શકે. સ્ટેનલેની શોધયાત્રાનો મૂળ આધાર તે ડાયરી જ હતો. ઓરેજનાના અપેચી સ્ટેશને ઊતરીને તેણે સાથીદાર વેજામિન ફરેશ સાથે સો માઈલ લાંબા ગાઢ વનોને પાર કરવાની તૈયારી કરી.

ત્રીજા પહોરમાં ત્રણ વાગ્યે તેઓ તે પર્વત નજીક પહોંચ્યા. એક ક્લાક રોકાણ માટે યોગ્ય જગ્યાને શોધવા ફરતા રહ્યા. એટલામાં એક મુશ્કેલી આવી. ફરેશના માથામાં ક્યાંકથી આવીને બે ગોળીઓ વાગી અને તે લોહીથી લથપથ થઈ ત્યાં પડી ગયો. સ્ટેનલે ભાગી તો આવ્યો, પણ તે ગાંડો બની ગયો. તેના દ્વારા અપાયેલ આ સનસનાટી ભર્યું શોધ વિવરણ મૈક્સિકો અને અમેરિકાનાં સમાચાર પત્રોએ વિસ્તારપૂર્વક છાપ્યું. આ મામલો અમેરિકા શોધક પોલીસના એફ.બી. આઈને સોંપવામાં આવ્યો. તે ક્ષેત્રમાં આ રીતે એક બીજી વ્યક્તિ કાર્બેટ મેરેને થોડાક જ સમય પહેલાં ગોળી વાગી હતી. ઘટના એક પ્રકારની હોવાને કારણે પોલીસ માટે એ જરૂરી વિષય બની ગયો. પણ ૧૩ વર્ષો સુધી સતત શોધખોળ કર્યા પછી પણ કોઈ ખબર ન મળતાં આ કેસ ફાઈલ કરી દેવાયો.

તે ક્ષેત્રમાં આ પ્રયોજન માટે નીકળેલા લોકોની હત્યાના અનેક કેસ સામે આવ્યા છે. તે બધા સોનાની શોધમાં ગયા હતા અને ગમે તે રીતે ત્યાં જ મરીને ખતમ થઈ ગયા.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સને ૧૮૫૦થી માંડીને અત્યાર સુધી સેંકડો વ્યક્તિઓ તે ક્ષેત્રમાં સોનાની સંપત્તિ શોધવા ગયા. તેમાંથી મોટા ભાગના તો પોતાનો જીવ ગુમાવી બેઠા. જે પાછા આવ્યા તેઓ મનની ઇચ્છા મનમાં દબાવી ખાલી હાથે પાછા આવ્યા. પ્રથમ મહાયુદ્ધના પરાક્રમી યોદ્ધા બરેનીએ આ ક્ષેત્રમાં વધારે દિવસ સુધી રહીને વધારે ઊંડાણપૂર્વક શોધ કરી. તેમનો મત હતો કે તે ક્ષેત્રમાં સંપત્તિ છે. તેનું રહસ્ય અપેચી કબીલાના આદિવાસી જાણે છે પણ તેઓ કોઈને તે ક્ષેત્રમાં આવવા નથી દેતા અને તાંત્રિક પુરોહિતની આજ્ઞા મુજબ હત્યા કરી નાંખે છે.

તે ક્ષેત્રમાં સૌથી વધારે દિવસ વાલ્જ જ રહ્યો અને વધારે શોધખોળ પણ કરી. પોતાનાં વિવરણો સંદર્ભે તેણે એક એવી સુરંગનો ઉલ્લેખ કર્યો છે જેમાં સેંકડો નરકંકાલ ભર્યા પડ્યાં હતાં. સંભવ છે કે આ ક્ષેત્રમાં ઘૂસ્યા બાદ ત્યાંના રખેવાળ તોફાની દેવતાઓના અથવા તાંત્રિકોના શિકાર બનવું પડતું હશે. આ ઘટનાઓ બતાવે છે કે જો ક્યાંય સોનાનો જથ્થો છુપાયો પણ છે, તો કુદરત એ નથી ઇચ્છતી કે તે સહજ રીતે જ કોઈ એવી વ્યક્તિના હાથમાં આવી જાય, જે મફતિયાનો લાભ ઉઠાવી મોજમજા ઉડાવે અને ઘર પરિવારવાળાને હરામી, વ્યસની અને અહંકારી બનાવવા માટે કુબેર જેવી સંપત્તિ છોડી જાય. એટલા માટે લાગે છે કે કુદરત આવા પ્રયત્નોને અસફળ બનાવવા માટે કોઈ ને કોઈ મુશ્કેલી ઊભી કરી દે છે અને તેમને સફળ થવા દેતી નથી. ખરેખર પ્રકૃતિને બે લોકોથી અરુચિ છે - એક મફતિયા, બીજા કામચોર. બંનેના અપરાધોને તે હંમેશાં યોગ્ય શિક્ષા આપે છે. *



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# બિનજરૂરી ધનસંગ્રહ મુશ્કેલીઓ પેદા કરતો રહેશે

પૃથ્વી એટલી જ સંપત્તિ ઉત્પન્ન કરે છે જેટલી પુત્રોના ભરણપોષણ માટે અનિવાર્ય હોય. તે દાનને બધા લોકો સગા ભાઈઓની માફક હળીમળીને વહેંચીને ખાય તો બધાની જીવનયાત્રા સુખપૂર્વક ચાલતી રહી શકે છે અને બચેલો સમય માનવીય જીવનના મહાન ઉદ્દેશ્યોને પૂર્ણ કરવામાં લાવી શકે છે. સુખશાંતિનું વાતાવરણ આ નીતિને અપનાવી રાખવાથી જળવાઈ શકે છે.

બુદ્ધિની વિપરીતતાથી ઘેરાયેલો માણસ અમીર બનવાના પ્રયત્નો કરે છે. આમતેમથી ભેગું કરીને સંપત્તિ પોતાની નીચે દબાવે છે. તેનાં બે પરિણામ હોય છે એક તો સંગ્રહખોરનો પરિવાર અમીરીના અહંકારમાં ખરાબ આચરણ કરવા તૈયાર થાય છે, વિલાસમાં ડૂબે છે અને ઘણાં વ્યસનો તથા દોષદુર્ગુણોનો શિકાર બને છે. બીજી બાજુ નિર્ધનોનું શોષણ થાય છે અને અસમાનતા જેવી ઈર્ષ્યા જાગે છે. ઊંચી દીવાલો બનાવવા માટે ક્યાંક ને ક્યાંક ખાડો કરીને જ માટી કાઢવી પડે છે. બીજાને ગરીબ બનાવ્યા સિવાય કોઈ અમીર બની શકતો નથી. કાયદેસર કે ગેરકાયદેસર પદ્ધતિઓ અપનાવી તેને શોષણ કરવાના તેમજ નિષ્ઠુરતા અપનાવવાના રસ્તે જ ચાલવું પડે છે. નહિતર ધન સંગ્રહ નહિ થાય. વધારે ઉત્પાદન કરનારે વધારે ઉદાર પણ બનવું જોઈએ અને પોતાની વિશેષ પ્રતિભાનો વિશેષ લાભ સમાજને આપવો જોઈએ. આ રીતે વધારે ઉત્પાદનનું કૌશલ્ય તેને સન્માન તેમજ સંતોષ આપીને પછી ઉદાર કાર્યો દ્વારા વિતરિત થઈ જાય છે. લાલચ અને નિષ્ઠુરતાને ધારણ કર્યા વગર કોઈના માટે અમીરી સંભવ નથી.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તત્ત્વદર્શીઓએ 'પરિગ્રહ' ને મુખ્ય પાંચ પાપોમાંથી એક માન્યું છે અને સો હાથથી કમાવાની સાથોસાથ હજાર હાથથી દાન કરવાનો, સત્કાર્યો માટે સમાજને પાછું આપી દેવાનો નિર્દેશ કર્યો છે, પરંતુ લાલચુ માણસ ધનિક બનવાની લાલચમાં અમીરી જમા કરતો જાય છે. નિશ્ચિતપણે આ વિશ્વ વ્યવસ્થા પ્રત્યે વિદ્રોહ છે. આ સંગ્રહ પાપનું ખરાબ પરિણામ ફક્ત સંગ્રહખોરને જ નહિ, પણ સમગ્ર સમાજે ભોગવવું પડે છે.

અમીરી જ્યાં પણ સંગ્રહીત થઈ છે ત્યાં વિપત્તિ આવી જ છે અને તે સંપત્તિનો ખરાબ રીતે દુખદ અંત આવ્યો છે. સંગ્રહીત ખજાના જ્યાંત્યાં જમીનમાં દટાયા કે પછી સમુદ્રમાં ડૂબ્યા અને તેનો સંગ્રહ કરનાર રોતા કકળતા સંસારમાંથી વિદાય થયા છે.

ઇટાલી, ફ્રાંસ, અને અલ્જિરિયા વચ્ચે એક નાનકડો ટાપુ છે. 'કૌરસિયા'. તેની ઉપર ફ્રાંસનો અધિકાર છે. અહીની સભ્યતાને ઈટાલી અને ફ્રાંસનું મિશ્રણ કહી શકાય. આની નજીક વાસ્તિયા ખાડીના ઊંડા સમુદ્રમાં જર્મન સેનાપતિ રોમેલ દ્વારા આફ્રિકાથી લૂંટેલો ખજાનો ડૂબેલો પડયો છે. તેની કિંમત સત્તર અરબ ડૉલરની મનાય છે.

દ્વિતીય મહાયુદ્ધમાં જર્મનીએ જ્યારે આફ્રિકા ઉપર હુમલો કર્યો ત્યારે તે પહેલી વખત તો આંધી- તોફાનની માફક ઝડપથી આગળ વધતું ગયું અને હજારો માઈલ આગળ વધી ગયું, પરંતુ જ્યારે મિત્ર રાષ્ટ્રોએ જુસ્સાભેર સામનો કર્યો ત્યારે તે નરમ બની ગયું. આ દરમિયાન તેણે પોતાના અધિકારવાળા ક્ષેત્રના બધા ધનિક લોકોને પકડી પકડીને તેમની પાસે જે કંઈ ધન હતું તે બધું લૂંટી લીધું. આ લૂંટેલું ધન તે જર્મની મોકલતું રહ્યું. પણ જ્યારે રોમેલને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાછા આવવાનું થયું ત્યારે તેણે લૂંટને અત્યંત તીવ્ર બનાવી અને ઝડપથી વધારે ધનનો જથ્થો ભેગો કરી પોતાના દેશમાં પહોંચાડવામાં પડી ગયો. એક મોટી સ્ટીમર ભરીને રાતોરાત પુષ્કળ ધન તેણે જર્મની મોકલ્યું. આ ૧૭ સપ્ટેમ્બર ૧૯૪૩ની વાત છે. બધો સામાન લોખંડના મજબૂત ખોખામાં બંધ કરી દીધો અને ભોંયરામાં તાળાં લગાવી સીલ કરી દીધાં.

સમુદ્રમાં પણ બંને પક્ષના યુદ્ધ જહાજ અને મરજીવા ચક્કર મારી રહ્યા હતાં. એટલા માટે તે સ્ટીમરને લાંબા રસ્તેથી મોકલી દેવાઈ. રસ્તામાં જહાજના કર્મચારીઓની મતિ બગડી અને તેઓ ખજાનાને લૂંટવા માટે તૈયાર થયા. કપ્તાનની સાથેના આ ઝઘડા બાબતે સ્ટીમર જોખમમાં પડી રહી હતી. બીજી બાજુ વિરોધપક્ષના મરજીવાને નૌકા જર્મન જઈ રહી છે તેવી બાતમી મળી ગઈ. તેને પકડવાની મોરચાબંધી બની ગઈ. આવી દશામાં સ્ટીમરના કપ્તાનને એ જ યોગ્ય લાગ્યું કે ખજાનો સમુદ્રમાં ડુબાડી દેવો અને કર્મચારીઓની પૂછપરછ કરવાથી કંઈ રહસ્ય ન મળી શકે એટલા માટે સ્ટીમરના કપ્તાને એ ઉચિત સમજ્યું કે દુશ્મનના હાથમાં આવવા કરતાં આત્મહત્યા કરી લેવી સારી. આમ જર્મનોએ પોતાના જ બોમ્બ વડે તેને ઉડાવી દીધી અને સ્ટીમરના ફુરચેફુરચા થઈ ગયા. પાછળથી ખબર પડી કે તેમાં રોમેલે મોકલાવેલ ધનનો મોટો ભાગ ભરેલો હતો.

ત્યારથી માંડીને અત્યાર સુધી કેટલીય વખત તે ખજાનાને સમુદ્રમાં શોધવાના અને કાઢવાના પ્રયત્નો થયા છે, પણ આ પ્રયાસનો દુઃખદ અંત આવ્યો છે. મરજીવાની ટીમો ગમે તે ને ગમે તે દૈવી મુશ્કેલીમાં ફસાઈ પોતાના જીવ ખોઈ બેસે છે. સફળતાનું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક પણ સૂત્ર કોઈના હાથમાં નથી આવ્યું. આ દુર્ઘટનાની હારમાળા પાછળ અનુમાન લગાવવામાં આવે છે કે સ્ટીમરના જર્મન કપ્તાનનું ભૂત તેની રખેવાળી કરે છે અને જે કોઈ તેને કાઢવાનો પ્રયત્ન કરે છે તેને મારી જ નાંખે છે.

ન્યૂયોર્કના સ્ટૈનલે પબ્લિકેશનની પત્રિકા 'મેન્સ લાઈફ' ના સપ્ટેમ્બરના ૧૯૬૬ના અંકમાં માર્ટિન બ્રેંન્ટસ દ્વારા બંગાળની ખાડીમાંથી કરોડો રૂપિયાનો કટાયેલો રત્ન જથ્થો ખોદી કાઢવાનું વિસ્તૃત વિવરણ છપાયું છે.

માર્ટિને સાંભળ્યું હતું કે બંગાળની ખાડીમાં સમુદ્રના હુમલા કરનાર ગિરોહનો સરદાર 'વસ્તુમ' હતો. તેણે પોતાનું એક મજબૂત જહાજી દળ બનાવી રાખ્યું હતું અને કેટલાય હુમલા કરવાની કળામાં પ્રવીણ ડાકુ પોતાની ટુકડીમાં ભરતી કર્યા હતા. દસ વર્ષ સુધી તેણે આ ક્ષેત્રમાં પૂરેપૂરો આતંક ફેલાવ્યો હતો. વેપારી જહાજ ત્યાં આવતાં તો એ સમજીને લંગારતાં કે તેમને વસ્તુમથી જાન બચાવવા પડશે. આ પ્રયોજન માટે આ અસ્ત્રશસ્ત્રથી સુસજ્જિત તેમજ કુશળ તૈરાકી યોદ્ધાઓ પણ સાથે લઈને ચાલતા, તો પણ જ્યાં પણ દાવ લાગતો તે ડાકુ પોતાનો આતંક સામે લાવતા અને મૂલ્યવાન વસ્તુઓ લૂંટીને લઈ જતા. આ રીતે તેણે કરોડો રૂપિયાની સંપત્તિ એકઠી કરી. તેને રાખવી ક્યાં ? આ પ્રશ્નનું સમાધાન તેને બંગાળની ખાડીમાં ઊપસેલા નાના નાના દ્વીપોમાં મળ્યું. તેણે પોતાની યોજનાઓ બનાવવા અને જહાજોના રિપેરીંગ, ભોજનની વ્યવસ્થા, દવાદારૂ વગેરેની જરૂર પડતી એટલા માટે તેને પોતાના અડ્ડા બદલી-બદલીને તે દ્વીપોમાં જ રાખવું પડતું.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ વાત નવમી સદીના અંતિમ વર્ષોની છે. તે વખતે ઉત્તર ભારતમાં રાજા ભોજનું શાસન હતું. ભોજના પુત્ર મહેન્દ્રપાલે પોતાનું રાજ્ય વિસ્તાર્યું અને તેને બંગાળની ખાડી સુધી પહોંચાડ્યું. ખાડીનાં બંદરો વિદેશીઓ સાથે વેપાર વધારવાનાં સારાં સ્થાનો હતાં. મહેન્દ્રપાલનું સમગ્ર ધ્યાન તે તરફ હતું, પણ ડાકુ વસ્તુમના આંતકે તે માર્ગ એક રીતે અવરોધી લીધો હતો. એટલે એ જરૂરી બની ગયું કે સમુદ્રને ડાકુઓના ભયથી મુક્ત કરાવવામાં આવે. ઓરિસ્સાના રાજકુમારની મદદથી વસ્તુમને કોઈ મોટા પ્રલોભનની લાલચ આપી મહેન્દ્રપાલે પકડાવી લીધો અને ત્યારબાદ તેનાં જહાજો પણ જપ્ત કરી લેવાયાં અને સાથી ડાકુઓને જેલમાં બંધ કરી દીધા.

વસ્તુમને વિવિધ પ્રકારની યાતનાઓ આપવામાં આવી કે તે પોતાના અત્યાર સુધીના છુપાવેલા ખજાનાનાં રહસ્યો બતાવે, પરંતુ તે પણ એવી માટીનો બનેલો હતો કે એકનો બે ન થયો અને યંત્રણાઓ સહેતો સહેતો જીવ ગુમાવી બેઠો.

ત્યારથી માંડીને ઘણા સમય સુધી વસ્તુમના ખજાનાની ઘણાઓએ શોધ કરી પણ કોઈના હાથમાં કશું ન આવ્યું. અંગ્રેજી શાસન દરમિયાન માર્ટિન બ્રેન્સ્ટકે તે ખજાનાની ગંભીરતાપૂર્વક શોધખોળ કરી. ખાડીમાં નાના મોટા ૮૧ દ્વીપ છે. તેમાંથી જે કામના હતા કે તેમાં ડાકુઓને રોકાવાની વ્યવસ્થા થઈ શકતી, તેની સંખ્યા ૧૦-૧૨ હતી. તેમાંથી સૌથી વધારે ઉપયોગી ફક્ત એક નીકળ્યો.

તેની શોધખોળ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો, માર્ટિન પોતાની સાથે કોલકાતાની એક નાચનારીને દુભાષિયા તરીકે ત્યાં લઈ ગયો. તે દ્વીપ ઉપર એક મુસલમાન રાજા રાજ્ય કરતો હતો.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

કાજીની તેના ઉપર અસર હતી. કાજીની સાથે મળી જઈને માર્ટિને ખોદકામની મંજૂરી મેળવી લીધી. ખોદકામનો ઉદ્દેશ્ય ખજાનો છે તે તો બતાવ્યું નહિ, પણ કોઈ મોટી ખાણ નીકળે તેમ છે કહી તેમને સંતુષ્ટ કર્યા.

તેમણે ઘણી જગ્યાએ ખોદકામ કર્યું તો એક જગ્યાએથી સાચે જ સોનું અને રત્નોથી ભરેલી એક પેટી મળી આવી, જેને કોઈ રીતે છુપાવીને પોતાની નાવમાં પહોંચાડવામાં સફળ થઈ ગયા અને તે દ્વીપોવાળાઓ સહકારની પ્રશંસા કરતા પોતાના દુર્ભાગ્યને રોતા રોતા તે લોકો પાછા ફર્યા. તે લોકો ૪૦ કરોડ ડૉલરની સંપત્તિમાંથી ફક્ત થોડીક જ મેળવી શક્યા, પણ પાછળથી આંતરિક વિગ્રહને કારણે ઉપયોગ કરવાને બદલે જીવ ગુમાવી બેઠા.

બીજા મહાયુદ્ધ વખતે જ્યારે જાપાનીઓએ અમેરિકાના પર્લ હાર્વર ઉપર હુમલો કર્યો તો સર્વત્ર આતંક ફેલાઈ ગયો. જાપાન તે વખતે સાચે જ એટલું કાબેલ બની ગયું હતું કે તે અણુબોમ્બ વચ્ચે ન આવ્યો હોત તો તે પોતાના પ્રભાવિત ક્ષેત્રમાં તે રીતે કબજો મેળવી લેત જે રીતે યુરોપમાં જર્મનીએ મેળવ્યો.

પ્રશાંત મહાસાગરના ફિલીપાઈન્સ દ્વીપ સમૂહોમાં અમેરિકાની પુષ્કળ સંપત્તિ જમા હતી. એ કોઈ જાપાનીઓના હાથમાં આવી ન જાય તેવી આશંકાથી અમેરિકા તેનો નાશ કરવા તૈયાર થયું હતું. લગભગ એક કરોડ રૂપિયાની સરકારી ખજાનાની નોટો આગ લગાવીને નષ્ટ કરી દીધી. એક નાવ ભરીને સોનું, ચાંદી તથા બીજી ચીજો અમેરિકા મોકલાઈ હતી. છતાં પણ કેટલાય કરોડના ચાંદીના સિક્કા પડ્યા હતા તેને હટાવવાની તક પણ ચુકાઈ ગઈ હતી. છેવટે એવો નિર્ણય કરવામાં આવ્યો કે તેને લોખંડની પેટીઓમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બંધ કરીને ડૂબાડી દેવામાં આવે. લશ્કરી નિર્ણય અનુસાર છઠ્ઠી મે, ૧૯૪૨ના રોજ ફિલીપાઈન્સની કવૈલી ખાડીમાં તે પેટીઓને ડુબાડી દેવામાં આવી. ત્યાર બાદ તરત જ જાપાની સેનાએ તે સમગ્ર ક્ષેત્ર ઉપર પોતાનો અધિકાર જમાવી દીધો.

ખજાનો ડૂબાડ્યાની બાતમી જાપાનીઓને મળી. તેમણે પકડેલા અમેરિકાના મરજીવાઓને ભય અને લાલચ આપી એ વાત માટે મનાવી લીધા કે ડૂબેલા ખજાનાને બહાર કાઢવામાં મદદ કરે. તેમને તેવું જ કરવું પડ્યું. થોડીક પેટીઓ જેમ તેમ કરીને કાઢી પણ લીધી. પાછળથી અમેરિકાના મરજીવાઓએ વિચાર્યું કે આ અમેરિકી ધન તેમના જ દેશવાસીઓ વિરુદ્ધ બોમ્બગોળા બનાવવાના કામમાં લેવાશે. એટલા માટે કોઈ તરકીબ શોધવી જોઈએ. તેમણે થોડીક પેટી ખબર ન પડે તે રીતે કાઢી લેવાનો અને થોડીક પેટીનાં તાળિયાં ઢીલાં કરી તેના સિક્કા સમુદ્રમાં વેરી નાંખવાનો રસ્તો વિચાર્યો. થોડીક ખાલી, થોડીક ભરેલી પેટીઓ નીકળતી રહી. જાપાનીઓ ભરેલી પેટીઓ જોઈને આનંદિત થતા અને ખાલી જોઈને તેને પેટીઓની કમજોરીથી પેદા થયેલ દુર્ભાગ્ય માનીને સંતોષ માનતા રહ્યા. કહેવાય છે કે જેટલું ધન કાઢવામાં આવ્યું, તેનાથી અનેકગણું ધન સમુદ્રના અથાક પાણીના જથ્થામાં વિખેરી નંખાયું અને હવે તેને શોધવાની કોઈ સંભાવના નથી.

અમેરિકાની ઉજ્જડ જમીન ઉપર જ્યારે ગોરાઓએ અધિકાર જમાવ્યો તો તેમને નાશ પામેલ સંસ્કૃતિના અવશેષોની સાથોસાથ તે લોકોના સંગ્રહ કરેલા સોનાના ભંડાર જ્યાંત્યાં જમીનમાં દબાયેલા મળી આવ્યા. તદુપરાંત તે જમીન આમેય સુવર્ણ ગર્ભવાળી રહી છે. અનેક જગ્યાએ નાની મોટી ખાણો છે, જેમાં સોનું જણાયું છે અને કાઢવામાં આવી રહ્યું છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ ધનના જથ્થાને લૂંટીલૂંટીને ગોરા લોકોએ લાંબા સમય સુધી પોતપોતાના દેશોમાં પુષ્કળ પ્રમાણમાં સંપત્તિ મોકલી છે. સ્પેન, ફ્રાંસ, ઈટાલી તથા બીજા દેશોના ગોરા લોકો પણ અંગ્રેજોના સ્પર્ધકો રહ્યા છે અને એક બીજાની ઉપલબ્ધિઓને લૂંટી લેવા માટે પણ પોતાના હાથ અજમાવતા રહ્યા છે. બિચારા આદિવાસી રેડ ઈન્ડિયોનોએ મોટી સંખ્યામાં લૂંટફાટને કારણે પોતાના જીવ ખોવા પડ્યા છે.

સને ૧૮૭૦ની વાત છે. કેલિફોર્નિયાના ઇન્ડિયન વૈલ્સ નામના કસબામાં એક આવા કંજૂસ ગોરાની ધોળે દહાડે કતલ થઈ, જેણે પુષ્કળ પ્રમાણમાં સોના અને ચાંદીનો બોક્સ ભરીને સંગ્રહ ર્ક્યો હતો, પણ તે તેને કોઈ ઉપયોગી કામમાં ખર્ચ કરતો નહોતો. લૂંટારાઓએ તેની લૂંટ કરી. પૂછવા છતાં પણ તેણે દોલતનું ઠેકાણું ન બતાવ્યું તો તેને કાપી નાંખવામાં આવ્યો. પણ દોલત લૂંટારાઓના હાથમાં ન આવી, તે જ્યાંત્યાં જમીનમાં જ દટાયેલી રહી.

પ્રથમ મહાયુદ્ધના સાત વર્ષ પછી જમીનમાં યુદ્ધના ઉપયોગમાં વેરાયેલી ધાતુઓ શોધનાર વિભાગનો એક એન્જિનિયર પોતાના કામનું એક ઉપયોગી યંત્ર બનાવી ચૂક્યો હતો. થોડાક દિવસ તેનો ઉપયોગ કરીને તે એન્જિનિયરના મનમાં એક વિચાર આવ્યો કે શા માટે તે આ યંત્રની મદદથી અમેરિકામાં દટાયેલા અને છુપાયેલા ખજાનાને શોધી ન કાઢે. આ વિચારથી તેની આંખો ચમકી ગઈ અને પોતાનાં યંત્રો-ઉપકરણો લઈ અમેરિકા ચાલી નીકળ્યો. તેનું નામ હતું - ફ્રેંકફિશ.

ફ્રેંકફિશે ઇન્ડિયન વેલ્સમાં એક ધનિકની હત્યા અને તેની જમીનમાં છુપાવેલ સંપત્તિની વાત સાંભળી તો તેણે પ્રથમ પ્રયોગ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

ત્યાં કરવાનો વિચાર કર્યો. ભાગ્યએ તેને સાથ આપ્યો અને તેણે તે ખજાનો શોધી જ કાઢ્યો. ૬૭૦૦ ચાંદીના સિક્કા, ૩૦૦૦ સોનામહોરો સિવાય એક નાનકડા બૉક્સમાંથી હીરાનાં આભૂષણ પણ તેને મળી આવ્યાં.

જે વૃદ્ધની હત્યા થઈ હતી તે પેઉન સ્ની ડાકુઓમાંનો એક હતો, જેના દળ પાસે ૮૦ હજાર સોનાની મુદ્રાઓ - સિક્કાઓ એકઠા થઈ ગયા હતા, પરંતુ દળમાં ફાટફૂટ થવાને કારણે થોડાક તો અંદરોઅંદર જ કપાઈ મરીને સમાપ્ત થઈ ગયા અને થોડાક જેમના હાથોમાં જે કંઈ આવ્યું તે લઈને ભાગી છૂટ્યા હતા. તે પણ દોલત છુપાવવાના ચક્કરમાં જ સમગ્ર જિંદગી વેડફી બેઠા. એના જ તાણાવાણા દિવસ રાત વણતા રહ્યા અને છેલ્લે તેમાં ગૂંચવાઈને મરી ગયા.

તે ખજાનાને કાઢતી વખતે જે અનુભવ થયા તેની વિસ્તૃત કથા ફ્રેંકફિશે પ્રકાશિત કરાવી છે અને બતાવ્યું છે કે જે રીતે તે ખજાનાની રખેવાળી ઉપર બેઠેલા મૃત આત્માનો ભયાનક ચહેરો અને આંખોમાંથી નીકળતો આક્રોશ જોવા મળ્યો. છતાં પણ તે ડર્યા વગર પોતાના જ કામમાં લાગ્યો રહ્યો.

ફ્રેંકફિશે બાકીના જીવનમાં ખોદકામ જાળવી રાખ્યું અને કેટલાય ખજાના તથા પુરાતત્ત્વની નજરે મૂલ્યવાન અવશેષો શોધી કાઢ્યા. બધાનું તેણે એક સંગ્રહાલય બનાવ્યું છે અને ધન એવાં કામોમાં લગાવ્યું છે જેનાથી સાર્વજનિક હિત સાધી શકાય. તે કહે છે કે પરિશ્રમ વગરનું ધન કોઈના માટે પણ ઉપયોગી કે લાયક બની શકતું નથી.

ફ્રેંકફિશ ધાર્યા કરતાં વધારે બુદ્ધિશાળી નીકળ્યો. તેણે ખજાનો ડુબાડનાર વચ્ચે અને બહાર કાઢનાર વચ્ચેનો તફાવત બતાવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપ્યો છે. તેણે પ્રસિદ્ધિ મેળવવામાં સંતોષ માની લીધો અને હરામની કમાણીને હજમ કરવાની લાલચમાં પોતાની જાતને બચાવી લેવાની બુદ્ધિમત્તા દેખાડી. તેને જે કાંઈ મળ્યું તેને અમેરિકાના પુરાતત્ત્વ વિભાગને સોંપી દીધું છે.

વધારે અમીર બનવા અને સંગ્રહ કરીને સો પેઢીઓ માટે મોજ ઉડાવવાની વ્યવસ્થા કરનાર લોકો મેળવે છે ઓછું અને ગુમાવે છે વધારે. આ તથ્ય ખજાનાના દુઃખદ અંતની ઉપરની ઘટનાઓથી સમજી શકાય છે. નાના પાયે તો આ પ્રયત્ન આપણામાંથી દરેક કરતો હોય છે, આ લાલચ જ્યાં સુધી છૂટશે નહિ ત્યાં સુધી વિશ્વ વ્યવસ્થા તરફ કરવામાં આવેલો વિદ્રોહ - બિનજરૂરી ધન સંગ્રહ - ફક્ત મુશ્કેલીઓ જ ઉત્પન્ન કરતો રહેશે.

જમીનમાં દટાયેલા ખજાનાની ચર્ચા સંસારમાં બીજે પણ થતી રહે છે, પણ ભારતમાં તે સંબંધી તથ્ય અને દંતકથાઓનો ઉહાપોહ ધાર્યા કરતાં વધારે જ થતો રહે છે. આ ખજાનામાં કેટલો જથ્થો છે ? ક્યાં છુપાયો છે ? અને તેને મેળવવા માટે શું કરી શકાય ? હંમેશાં આ પ્રશ્નો ઉપર ચર્ચા થતી રહે છે. ખોદકામના ઘણા પ્રયત્નો થતા રહે છે, પણ તેમાંથી સફળતા કદાચ જ થોડાકને જ થોડી ઘણી મળી રહે છે. આથી બે નિષ્કર્ષ નીકળે છે. એક તો એ કે ગાથાઓ જૂઠી છે, બીજું એ કે તેની જગ્યા જાણવાના અને તે મેળવવાના ઉપાય મળતા જ નથી. આ બે સંદર્ભોની શોધખોળ ચાલતી રહે છે. ઉત્સુક વ્યક્તિ આ લોકોની ટિપ્પણી ઉપર માથાકૂટ કરતા રહે છે અને ઉપાયો કરતા રહે છે કે કોઈ રીતે તે ધનના જથ્થાને શોધી કાઢવામાં આવે અને લાભ ઉઠાવવામાં આવે.

આ સંદર્ભમાં એક ત્રીજું તથ્ય આનાથી પણ વધારે વિચારણીય હોવું જોઈએ કે સર્જનહારની અનેક વિવિધ વ્યવસ્થાઓમાં ધન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંબંધી નીતિ, મર્યાદા અને વ્યવસ્થા શું તેમની પાસે છે ? સમજી લીધા પછી એક એવી અડચણ બની રહેશે જેને કારણે તે જમીનમાં દટાયેલા ધનને મેળવવા અને મેળવીને તેનાથી લાભ મેળવવાનું શક્ય બની જ નહિ શકે.

બધા જાણે છે કે આ ધરતી અને સમુદ્રના પેટાળમાં મૂલ્યવાન ખનિજોના વિશાળ ભંડાર ભર્યા પડ્યા છે. સોનું, ચાંદી, તાંબુ, લોખંડ વગેરે ધાતુઓની ખાણો છેવટે તો જમીનમાંથી નીકળે છે. કોલસાને કાચું સોનું અને તેલને પ્રવાહી સોનું કહેવામાં આવે છે. હીરા, પન્ના, નીલમ, પોખરાજ વગેરે રત્નો ખનિજ જ છે અને જમીનમાંથી ખોદીને કાઢવામાં આવે છે. મોતી, પરવાળું વગેરે સમુદ્રમાંથી મળી આવે છે. બીજા રાસાયણિક પદાર્થ પણ વિવિધ પ્રકારે જમીન અને પાણીની જ સંપત્તિ છે. એ સમજવામાં કોઈ મુશ્કેલી ન પડવી જોઈએ કે જમીન જ રત્નગર્ભા છે. સમુદ્રને પણ કંઈક અંશે આવું જ શ્રેય મળી શકે છે. આ સંપત્તિ બધા માટે સરળ કેમ નથી ? તેનો જવાબ એક જ છે કે યોગ્ય મહેનત, મનોયોગ અને કૌશલ્યને પરિણામે જ સાચા પરિશ્રમના સ્વરૂપે જ કુદરત આ સંપત્તિ કોઈને આપવા માંગે છે. પાત્રતાની કિંમતે જ લાભ મેળવવાની સૃષ્ટિની વ્યવસ્થા છે. મફતની સંપત્તિ અનૈતિક છે. ભલે તે જુગાર, સટ્ટાથી કમાયા હોય, ઉત્તરાધિકારમાં મળેલી હોય કે લૂંટીને લાવવામાં આવી હોય. ઉચિત મહેનતના પ્રખર કૌશલ્યને આધારે કમાયેલું ધન જ નૈતિક છે. નીતિયુક્ત સંપત્તિની સાથે એક બીજી મર્યાદા જોડાયેલી છે કે તેનો ઉપભોગ કે સંગ્રહ થઈ શકતો નથી, તેનો ઉપયોગ થવો જોઈએ અને સાર્વજનિક વિતરણ પણ. વ્યક્તિગત લાલચ માટે સંપત્તિને ભેગી કરવી એ માતા લક્ષ્મીને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કેદી, રખાત સ્ત્રીનો દરજ્જો આપવા બરાબર છે. આ રીતે સામાન્ય લોક નિર્વાહને બદલે ઘણો વધારે અમીરીનો ઉપભોગ પણ પોતાનાથી નાના લોકોને મળનારા ભાગને હડપ કરી જવા બરાબર છે. મનુષ્યે બનાવેલ કાયદામાં દંડની વ્યવસ્થા ભલે રાખવામાં આવી ન હોય, પણ ઈશ્વરીય નીતિ મર્યાદામાં એ કાયદો નિશ્ચિતપણે વિદ્યમાન છે કે સંપત્તિ યોગ્ય પુરુષાર્થ અને કૌશલ્યની મદદથી જ કમાવામાં આવે અને મેળવ્યા બાદ તેનો ઉપયોગ પોતાના માટે એટલો જ કરવામાં આવે જેટલો સરેરાશ નાગરિકના ભાગમાં આવે છે. બાકીની સંપત્તિને અભાવ અને પછાતપણાના નિવારણમાં તત્કાળ ઉદારતાપૂર્વક વહેંચી દેવામાં આવે.

આ નીતિ મર્યાદાની કસોટી ઉપર જ્યારે ખાણોમાં દબાયેલી સંપત્તિને પારખવામાં આવે છે તો પ્રતીત થાય છે કે તે દરેક પ્રકારે ખોટી જ છે. તેમાં ધન સંબંધી નીતિ મર્યાદાઓનું પૂરેપૂરી રીતે ઉલ્લંઘન થયું છે, પરિણામે તેને સંગ્રહ કરનાર તેવો લાભ ન ઉઠાવી શકે, જેવો તેઓ ઇચ્છે છે. જે રીતે તેમણે તેને હડપ કરી લેવાનો પ્રયત્ન કર્યો તે રીતે કુદરતે પણ તેમના હાથમાંથી છીનવી લીધું, એ પણ સામાન્ય રીતે છીનવ્યું નહિ, પણ જોરદાર તમાચા મારીમારીને તેને બહાર કાઢવા માટે મજબૂર કર્યો.

જમીનમાં દટાયેલ ખજાનામાં કેટલો ધનનો જથ્થો છે અને કઈ જગ્યાએ દબાયેલો પડ્યો છે, એ જાણતાં પહેલાં એ અપેક્ષિત તથ્યોને પણ જાણી લેવાં જરૂરી છે કે તે કેવી રીતે મેળવવામાં આવ્યો અને શા માટે દાટી દેવાયો ? સ્પષ્ટ છે કે તે ધનનો જથ્થો કોઈએ યોગ્ય પરિશ્રમ કરીને ભેગો નથી કર્યો, તેને યોગ્ય - ન્યાયી મહેનતનું ફળ ન કહી શકાય. તે વિશુદ્ધપણે લૂંટમારનું ધન છે. એવી લૂંટમાર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેના કારણે પોતાને પોતાના નિર્વાહનાં સાધનોથી માંડીને જીવ પણ ખોવા પડ્યા છે. બધા જાણે છે કે લૂંટારાઓ ઉઠાંતરી કરનારા જ નથી હોતા, તે તકલીફો અને આક્રમણની અસહ્ય પીડાઓ પણ આપે છે અને જેમની પાસેથી છીનવી લેવામાં આવ્યું છે તેના સામાન્ય જીવનને તેઓ પોતાના પગના પ્રહારથી તોડીફોડીને નાંખી દે છે. ખજાના આવા જ લૂંટારાઓની કરુણાજનક ખરાબ પ્રવૃત્તિઓનું ફળ છે. તેને જે નિર્દયતાથી કમાવામાં આવ્યું છે તેવી સંકુચિતતા સાથે વ્યક્તિગત ઉપભોગ માટે ભેગું કરી દેવાયું છે. તેને ક્યાં રાખવું ? આવા અનીતિવાળા ધનને લૂંટવા માટે તેથી પણ વધારે બળવાન લૂંટારા છીનવી લેવા માટે તૈયાર બેઠા હોય છે. ભવિષ્યના ઉપભોગ માટે ભેગું કરેલું ધન અને બીજા બળવાનોથી બચાવવાની દૃષ્ટિએ જ તેને જમીનમાં દાટી દેવામાં આવ્યું હોય છે. જો એવું ન હોત તો ન તો તેનો સંગ્રહ થાત અને ન સામૂહિક સદુપયોગની વ્યવસ્થા કરવાની જગ્યાએ જમીનમાં દાટી દેવાની જરૂર પડત. સ્પષ્ટ છે કે આ ખજાનાઓ મળવા અને છુપાવીને રાખવાની પ્રવૃત્તિ પાછળ નૈતિકતાનું એક પણ કિરણ ક્યાંય જોવા નથી મળતું. નીતિનો સમાવેશ હોત તો તેને ન્યાયી રીતે કમાવાની અને જરૂરથી વધારે હોય તો તરત જ સામાજિક પછાતપણાને દૂર કરવા માટે તેનો ઉપયોગ કરવાની યોજના જોડાયેલી હોત, તેને જમીનમાં દાટી દેવાની જરૂર ન પડત. અનીતિનો સમાવેશ જ્યાં પણ થશે ત્યાં દૈવી શાપ વરસશે અને એવો પ્રસંગ બનશે જે મુજબ આક્રાંતાઓને તેનો લાભ ઉઠાવવાથી અળગા રહેવું પડશે. ખજાનાઓ ખોવાઈ જવા, જમીન દ્વારા પાછા છીનવી લેવાની પાછળ સર્જનહારની એ નીતિ મર્યાદાને કામ કરતી જોઈ શકાય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

કોઈક જમાનો હતો જ્યારે રાજા જનક જેવા બ્રહ્મજ્ઞાની હળ ચલાવીને ખેતીવાડી દ્વારા પોતાનું વ્યક્તિગત ગુજરાન ચલાવતા હતા અને પ્રજા દ્વારા રાજસ્વ રૂપે ઉપલબ્ધ થયેલ પ્રજા-ધનને લોક હિતનાં કામોમાં લગાવી દેવાની વ્યવસ્થા કરતા. રાજા હરિશ્ચંદ્રે સામાજિક જરૂરિયાતો પૂરી કરવા માટે પોતાનું સર્વસ્વ વિશ્વામિત્રને સોંપી દીધું હતું. ધન એકઠું થઈ ગયા પછી રાજાઓ સર્વમેધ યજ્ઞનું આયોજન કરતા અર્થાત્ એકત્ર કરેલ ધનને સામાજિક સત્પ્રયોજન માટે સંપૂર્ણ રીતે ખર્ચી નાંખતા અને ખજાનાને સહજ રીતે સાફસૂફ કરીને સ્વચ્છ કરી નાંખતા. જ્યાં અનીતિનું ધન જ નથી ત્યાં સંગ્રહની જરૂર જ કેમ પડે ? ખાસ કરીને વ્યક્તિગત ખરાબ રીતે ઉપભોગની તો વાત જ વિચારવામાં નથી આવી શકતી. આવી દશામાં એવો ધનનો જથ્થો ભેગો જ નથી થઈ શકતો, જેને જમીનમાં દાટવાની જરૂર પડે. અનૈતિકતા જ છે જે છુપાવવાના તાણાવાણા વણતી રહે છે. ખજાનાઓને આ કારણે દાટવામાં આવે છે.

સ્પષ્ટ છે કે ડાકુઓની લૂંટફાટથી મેળવેલી સંપત્તિ જ ખજાનાઓમાં દબાયેલી પડી છે. સામાન્ય વ્યક્તિને ડાકુ કહેવામાં આવે છે. બળવાનને સામંત, શૂરવીર, ભૂપતિ વગેરે નામ આપવામાં આવે છે. એ તો કહેનારાની ઇચ્છા ઉપર આધાર રાખે છે, અનીતિથી ધન મેળવનારને ખરાબ તો સાબિત કરવામાં આવશે જ, ભલે તેને તિરસ્કૃત નામ આપવામાં આવે અથવા ભયના કારણે તેમને સન્માન સૂચક શબ્દોથી નવાજવામાં આવે. તથ્ય પોતાની જગ્યાએ નિશ્ચિત રહેશે જ. જે વખતે ખજાના ભેગા કરવાની છૂટછાટ હતી, તે સામંતવાદી જમાનો હતો. તે દિવસોમાં "જેની લાઠી તેની ભેંસ" નો જંગલી કાયદો હતો. પરિણામે આક્રમણ અને લૂંટમારનું સામ્રાજ્ય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બધે ફેલાયેલું રહેતું અને તેની તૈયારી કે સુરક્ષાની વાત દરેકના મગજ ઉપર છવાયેલી રહેતી. થોડા થોડા વખતે યુદ્ધો થતાં તેનો કોઈ નૈતિક આધાર નહોતો. પ્રજાને સંપત્તિ, તરુણ અને તરુણીઓની ગુલામી સ્વરૂપે ધરપકડ, રાજમહેલ ઉપર અધિકાર, શોષણ માટે વધારે જમીન ઉપર અધિકાર, નિરંકુશતાથી વર્તવા માટે વધારે સાધનો એકઠાં કરવા જેવા ઉદ્દેશ્યો જ તે દિવસોના આક્રમણો પાછળ કામ કરતા હતા. આ ખરાબ ચક્રમાં અનેક નિર્દોષ જીવ ખોઈ બેસતા અને અસહ્ય કષ્ટ સહન કરતા. સામંતોની સેના લૂંટફાટ કરતી. તેનો મોટો ભાગ મુખ્ય નાયક પાસે પહોંચતો, પણ એવું પણ થતું કે તેના ચતુર સેનાપતિ અને સિપાઈ પોતાના દાવપેચ, લાગ કે મોકો શોધતા અને જ્યાં પણ મોકો મળતો તે લૂંટના માલનો મોટો ભાગ મુખ્ય નાયક પાસે પહોંચાડવાની જગ્યાએ વચમાં જ હડપ કરી લેતા. તેને તેઓ રાખે ક્યાં? જમીનમાં દાટી દેવાનો જ એકમાત્ર ઉપાય હતો. આ ખજાનાની પાછળ છુપાયેલો તાત્ત્વિક ઈતિહાસ ઘણુંખરું આને લીધે જ સર્જાયો છે. જેની શોધખોળ કરવા માટે કેટલાય લોકો કેટલાય પ્રકારે વિચારતા અને લલચાતા રહે છે.

ખજાના કેવી રીતે એકઠા થયા તેનાં થોડાંક ઉદાહરણો પ્રસ્તુત છે -

અકબરનો વિશ્વાસુ સેનાપતિ અબુલ ફજલ, હૈદરાબાદની લૂંટનું ધન લઈ દિલ્હી પાછો આવી રહ્યો હતો. તેની પાસે ૨૩ કરોડ રોકડા અને લગભગ એટલાં જ રત્નોનો જથ્થો હતો. રસ્તામાં ઓરછાના રાજાએ તેને પકડીને મારી નાંખ્યો અને બધા જ પૈસા છીનવી લીધા. ઓરછાના લેખોમાં આનો ઉલ્લેખ છે.

અનીતિપૂર્વક મેળવેલ ધનમાં એક મોટી મુશ્કેલી એ હોય છે કે સંગ્રહ કરનારની સંકુચિત સ્વાર્થવૃત્તિ તેને કોઈ ઉપયોગી કામમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વાપરવા માટે ઉદારતા બતાવી શકતી નથી. તેને જ્યાં ત્યાં છુપાવીને રાખવાની તરકીબો અજમાવવામાં આવે છે. છેલ્લે તેનું શું થવાનું છે એ વાત આવા લોકોના મગજમાં ક્યારેય નથી આવતી.

રતલામનાં જંગલોમાં છુપાવવામાં આવેલા એક ખજાનાનું વિવરણ પ્રાપ્ત તામ્રપત્રમાંથી આ રીતે મળે છે.

(૧) ૧૦૮૮ સોનાની ઈંટો, (૨) મોટાં મોતીઓની માળા ૨૫૬, (૩) સોનાના ડંડા ૧૧૬૨૨, (૪) ૪૫૬૭૮ છુટ્ટાં મોતી, (૫) ગળામાં પહેરવાના હીરાના હાર-૨૨ બીજાં રત્નોના ૩૭ હાર, આ ઉપરાંત બીજાં અનેક રત્નજડિત સોનાનાં આભૂષણોની મોટી યાદી પણ છે.

શાહજહાંને જ્યારે એમ લાગ્યું કે તેનો પુત્ર ઔરંગઝેબ વિશ્વાસુ નથી રહ્યો તો તેમણે પોતાના ખજાનાનો મૂલ્યવાન ભાગ કાનપુરના નજીકનાં જંગલોમાં દટાવી દીધો. એક તામ્રપત્રમાં તેનું વર્ણન "કૈથી લિપિ"માં મળે છે. જેનાથી ખબર પડે છે કે ૯૦૦ જગ્યાએ આ સોનું ચાંદી તથા ઝવેરાત જમીનમાં દાટી દેવાયાં હતાં.

ખજાનો દાટતી વખતે જે તાંત્રિક વિધિ, પૂજા ઉપચારનો ઉપયોગ થતો તેનું વર્ણન જોતાં એવાં વિવરણ મળી આવે છે, જે આ વિવરણની સાથે પોતાનો તાલમેલ બેસાડે છે. દાટનારો પોતાના રહેઠાણથી દક્ષિણ દિશામાં તેને દાટતો, કારણ કે તે ભૂતોની દિશા છે. ભૂતોને તેના રક્ષક તરીકે નીમવા માટે તેમનું આહ્વાન, પૂજન, પોષણ અનેક પશુપક્ષીઓના અને માણસોના બલિ ચઢાવીને કરવામાં આવતું. તેના માટે ઘડામાં દારૂ રખાતો, આટલો ઉપહાર આપીને તેઓને ચોકીદારી કરવા માટે સંમત કરવામાં આવતા.

કહેવાય છે કે આ ભૂત જ વિશાળ સાપરૂપે પેઢી દર પેઢી તે ખજાનાનું રક્ષણ કરે છે. આ સાપ પોતાના માટે તો તેને કામમાં લાવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકતા નથી પણ બીજા કોઈના સારા ખોટા ઉપયોગમાં પણ નથી આવવા દેતા. જે તેને મેળવવાનો પ્રયત્ન કરે છે, તેમની ઉપર સાપ કે ભૂત સ્વરૂપે તૂટી પડે છે અને એવી મનોવૃત્તિનો પરિચય આપે છે, જે આ ખજાનો ભેગો કરનાર અને દાટનારની હતી. બની શકે કે આ ખજાનાનો સંગ્રહ કરનારની ખરાબ પ્રવૃત્તિઓ જ એક પ્રકારે બધા સમુદાય કે ભૂત રક્ષકોનું સ્વરૂપ ધારણ કરીને તેની ચોકીદારી કરતી રહેતી હોય.

ખજાનો દાટવાની માફક જ તેને બહાર કાઢવો પણ જોખમી જ છે, આ કુદરતની મર્યાદા અને ઈશ્વરની ઇચ્છા વિરુદ્ધ છે. મેળવેલું ધન કઠોર મહેનત અને ન્યાયનીતિના આધારનું હોવું જોઈએ. કુદરતને - પરમેશ્વરને બે પ્રવૃત્તિઓ ગમતી નથી. (૧) મફતવૃત્તિ (૨) કામચોરી. સરેરાશ માણસોની માફક મહેનતથી મેળવેલ તેમજ સંયમથી નિર્વાહ કરીને જે બાકી બચે છે તેને પરમાર્થ પ્રયોજનમાં લગાવવું જોઈએ, જેથી સંગ્રહનો અવસર જ ન આવે. ઔચિત્ય તેમાં છે. અનીતિથી મેળવેલું અને લોભથી સંગ્રહ કરેલું સામાજિક જરૂરિયાતોને પૂર્ણ કરવામાં ન લગાવીને વારસદાર માટે બચાવવા રાખવું તે વિવેકની દૃષ્ટિએ ખરાબ જ કહી શકાય. ખજાનો દાટવાના પાછળ કોઈ નીતિમત્તા નથી. એ રીતે વગર શ્રમે મેળવેલ સંપત્તિના ઉપયોગની લાલચ પણ નીતિયુક્ત નથી. આનાથી ધનનો સિદ્ધાંત અને સ્વરૂપ વિકૃત થાય છે. સંભવ છે કે એટલા માટે ખજાનાઓ જમીનમાં જ્યાં ત્યાં દટાયેલા હોવા છતાં પણ તે એટલા માટે બહાર નથી આવતા કે દાટનારાઓની માફક બહાર કાઢનારાઓને પણ પશ્ચાત્તાપ જ કરવો પડશે. *



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# મફતિયાવૃત્તિ હંમેશાં અનિષ્ટ પ્રેરણાઓની જનની

હરામનું ધન મેળવવાની અને તેના સુખ ઉપયોગની ઇચ્છા નથી નૈતિક અને નથી કુદરતી પરંપરાઓને અનુરૂપ. આ દિશામાં જેમણે પ્રયત્નો કર્યા તેમને નિરાશા, પશ્ચાત્તાપ અને ચીડ સિવાય બીજું કશું હાથમાં આવ્યું નથી. જે મહેનત અને ઇમાદારીથી કમાવામાં આવે તે જ ધન ફાયદાકારક હોય છે. સ્થિરતા અને સારાં પરિણામ ઉત્પન્ન કરી શકવાની ક્ષમતા પણ તેમાં જ હોય છે.

સટ્ટો, જુગાર, લોટરી દ્વારા કમાયેલ આવક પણ ચોરી - લૂંટફાટની માફક અનૈતિક જ છે. કુદરતની ઇચ્છા એ છે કે મનુષ્ય બુદ્ધિ અને શરીરની ક્ષમતા વિકસિત કરે, તેના દ્વારા સખત કામ કરીને જે મળે તે ધનથી પોતાની સુખ શાંતિનો રસ્તો પ્રાપ્ત કરે. પરંતુ કેટલાય લોકો સરળતાપૂર્વક એક ઝાટકે કમાણી કરી મોજમજા લૂંટવાની વાત વિચારતા રહે છે. તેના માટે તેઓ ઘણી વખત દુ:સાહસપૂર્ણ કદમ પણ ઉઠાવતા રહે છે. આ પ્રયાસમાં મોટા ભાગનાઓને અસફળ રહેવું પડે છે. ક્યારેક ક્યારેક કોઈને દાવ લાગી પણ જાય તો જોવા મળ્યું છે કે તેઓ તેવા સુખ ઉપભોગથી વંચિત જ રહે છે, જેની આશાએ ખરાબ માર્ગે ચાલવા અને ખરાબ કર્મો કરવા માટે પગલાં ભર્યાં હતાં. ચોરી લૂંટની આવક અને તેની નિરર્થકતા જોતાં આ પરિણામ ઉપર પહોંચવું પડે છે.

કોઈક સમયે કપ્તાન કિડે સમુદ્રમાં ચાંચિયાગીરીની એક સંગઠિત ટીમ બનાવીને અમેરિકામાં એક પ્રકારનો આતંક ઉત્પન્ન કરી દીધો હતો. તે દિવસોમાં આંતરરાષ્ટ્રીય વેપાર ફક્ત વહાણ દ્વારા જ થતો. કિડનું દળ એવા ઘાટ શોધતું કે સૌથી વધારે ધન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લઈને ક્યું જહાજ કયા બંદરે જઈ રહ્યું છે. જેમાં વધારે જોખમ ઉઠાવવું પડે અને ઓછો લાભ મળે તેવાં વહાણો ઉપર હાથ નાંખતો નહિ. પણ જેમને લૂંટવાથી પુષ્કળ ધન મળે તેમ હોય તેને હાથમાંથી જવા દેતો નહોતો. તેના દળમાં ફક્ત સારા મરજીવા - તરવરિયા જ નહોતા, પરંતુ ગોળીબારની કળામાં પ્રવીણ નિશાન તાકનાર અને અગ્નિશસ્ત્રો ચલાવનાર પણ હતા. તેમણે સેંકડો હુમલા કર્યા અને સમુદ્રની લૂંટફાટથી અબજોની સંપત્તિ એકઠી કરી.

સાથીદારોને વહેંચ્યા પછી પણ કિડની પાસે પુષ્કળ સંપત્તિ બચતી હતી, તેને એ સમુદ્ર કિનારાની આસપાસ જંગલોમાં હીરા-મોતીઓના, સોના-ચાંદી સ્વરૂપમાં, લોખંડના ઘડા અને પેટીઓમાં ભરીને જમીનમાં દાટી દેતો. પોતાના જીવનમાં તેણે પુષ્કળ સંપત્તિ લૂંટી અને પેટીઓમાં બંધ કરીને ઘણી જગ્યાએ દાટી.

આ બધું થતું રહ્યું , પણ કિડ તે ધનનો કોઈ ઉપયોગ કરી ન શક્યો, તે ધન જ્યાં ને ત્યાં જમીનમાં દટાયેલું જ રહ્યું. કિડના સાથીઓના અનુમાન અને કહ્યા મુજબ તે ખજાના સોથી પણ વધારે જગ્યાએ દાટેલા હોવા જોઈએ અને તેમાં દરેકમાં કરોડોની સંપત્તિ હોવી જોઈએ. અનુમાન અને સાબિતી તથા બીજા લોકોના આધારે આ સંપત્તિનું અનુમાન અને સ્થાન જે સમજવામાં આવે છે, તેમાંથી થોડુંક વર્ણન આ રીતે છે -

- ★ લાંગ આઈલેન્ડ સાઉન્ડના ફિશર્સમાં દોઢ લાખ ડૉલરનું સોનું.
- ★ ચાલીસ લાખ ડૉલરના સોના-ચાંદી, ઝવેરાત વેસ્ટ પોઈન્ટની પાસે હડસૌન હાઈલેન્ડ મનીહિલમાં.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

★ સાઈઠ લાખ ડૉલર સોનું, ચાંદી, રત્નભંડાર, કનેક્ટી ક્ટ નદીના બ્રાર્ક આઈલેન્ડમાં, સ્ટોની બુક ઓલ્ડલાઈમ બેદર્સ ફિલ્ડની આસપાસ.

★ એંશી લાખ ડૉલરની સંપત્તિ ન્યૂજરસી વિસ્તારના કેપમે પાઈન્ટની આસપાસ નિમ્ભી તળાવમાં.

★ ત્રીસ લાખ ડૉલરનું સોનુંચાંદી બામ્બી હુક આઈલેન્ડ તથા કેલી દ્વીપની ત્રાંસી ચટ્ટાનોની નીચે.

★ રોડ આઈલેન્ડ પાઈરૈટ્સ કોબની આસપાસ દસ લાખ ડૉલરનું સોનુંચાંદી.

મૈસેચ્યૂટ્સના વિલિમગટન ડેલ્વિન ડેન ક્ષેત્રમાં કરોડો ડૉલરના રત્નભંડાર, ચૈશાયર ક્ષેત્રમાં ત્રણ લાખ ડૉલરની સોનામહોરો. ટાપ પોલીન કોવ નૌશોન આઈલેન્ડના પૂર્વ કિનારા ઉપર સત્તર મોટામોટા ઘડા સોનું. ટરનર્સ ફૉલ્સ અને વિન્થૌપાની આસપાસ આઠ પેટી રત્નો.

★ ન્યુ હૈમ્પશાયરના એન્ડરિમ ક્ષેત્રમાં કુદૈમ મર્ચન્ટ જહાજની લૂંટનો સત્તર લાખ ડૉલરનો માલ.

★ બૂથ તથા હાર્વરના આઉટર હેરોન આઈલેન્ડમાં વીસ લાખ ડૉલરના સોનાના ડંડા.

★ શીપ્સકાટ નદીના કિનારે વાયકે સેટ વિસ્તારમાં એક લાખ ગીની જેમાંથી હજારો તો કાઢી પણ લેવામાં આવી.

★ ફાર્મલેન્ડ ક્ષેત્રમાં એજકામઈમાં પાંચ લાખ ડૉલરનું ઝવેરાત.

★ ડ્રસ્ટન મિલ્સની આસપાસ મનીહોલ્સમાં બાર લાખ ડૉલરનું સોનુંચાંદી.

★ આઈલ આઉ હાર્ટના મનીકોવમાં પંદર લાખ ડૉલરની સંપત્તિ.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

★ ઑલ્ડ આરચડના બીચ પાસે રિછમન્ડ દ્વીપમાં દસ લાખ ડૉલરની સોનાની મુદ્રાઓ.

★ સ્ટોનીબ્રુકની પાસે ફોર્ડ પોઈન્ટ કોવમાં પંદર લાખ ડૉલરની સોનાની સંપત્તિ ચાર ઘડામાં.

★ પેનોલ્સકાટ ક્ષેત્રમાં કાડલેડની આસપાસ વીસ લાખ ડોલરનો રત્નભંડાર

★ કાસ્કોવેમાં ડિયર આઈલેન્ડની પાંત્રીસ લાખ ડૉલરના સોના ડંડા.

કેટલાક લોકો પોતે તો અનૈતિક કામો કરીને ડાકુઓ જેવું સાહસ નથી કરતા, પરંતુ એમ વિચારતા રહે છે કે ક્યાંક દાટેલો ખજાનો મળી જાય. લોટરી ખૂલી જાય, બાપદાદાની કમાણીના બળે મોજમજા કરવાનો મોકો મળે. પોતાની ક્ષમતા વધારવા અને પુરુષાર્થમાં જોડાવાની ઝંઝટથી બચીને સમૃદ્ધિના પગરસ્તા શોધતા રહેનારાઓને પણ ઘણુંખરું અસફળતા જ મળે છે.

ખજાનો મેળવવાની લાલચમાં કોણ જાણે કેટલાય લોકો પુષ્કળ કામ કરે છે, રૂપિયા લગાવે છે અને મુશ્કેલીઓ ઉઠાવે છે. તેટલો જ પ્રયત્ન જો સ્વસ્થ ઉત્પાદન માટે કરવામાં આવ્યો હોત તો તેની પડતર કિંમતમાંથી  ઘણો વધારે લાભ મળત, જ્યારે હરામની કમાણી માટે લાલચુ લોકો કશું જ કમાતા નથી, પરંતુ ગુમાવે છે. નિરાશા અને ચીડ જ ભાગે આવે છે તે અલગ.

એક સાત ફૂટ પહોળો અને ચાર ફૂટ ઊંચો ઘડો મૂલ્યવાન રત્નભંડાર અને સુવર્ણ મુદ્રાઓથી પૂરેપૂરો ભરેલો બધાની જાણકારીમાં છે. તેને મેળવવા માટે દોઢસો વર્ષોથી ઘણા પ્રયત્નો થઈ રહ્યા છે, પણ હજુ સુધી એ શક્ય બની શક્યું નથી કે તેને બહાર કાઢીને માનવીય અધિકારમાં લાવી શકાય.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અમેરિકાની મિસીસિપી નદી કિનારે સુંદર ક્ષેત્રમાં ફેલાયેલ હીમોચિટો જંગલ જેટલું ગાઢ છે તેટલું સુંદર પણ છે. તે જંગલના એક ક્ષેત્રમાં એક નાનકડું ગામ વસેલું છે – નેટ ચેજ. તેનાથી વીસ માઈલ આગળ એક ધનવાન ખેડૂત રીવરડોવનું લાંબુંપહોળું કૃષિ ફાર્મ છે. તે ફાર્મના ઉત્તરના ભાગમાં મિસીસિપી નદીનો એક કાદવવાળો ડેલ્ટા છે. ત્યાં ઊભા રહેવાથી એક ખૂબ જ પહોળું કાણું જોઈ શકાય છે. તે અત્યાર સુધીમાં ક્રમશઃ વધારે ને વધારે પહોળું જ થતું ગયું છે. તે કાણામાં ઉપર મુજબનો પુષ્કળ ધન રાશિથી ભરેલો રત્નકુંડ દટાયલો પડ્યો છે. તેને બહાર કાઢવાના અત્યાર સુધીના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા છે. કહેવાય છે કે એક પ્રેતાત્મા તેના ઉપર અધિકાર જમાવીને બેઠો છે અને તે તેને બહાર કાઢવાના દરેક પ્રયત્નને નિષ્ફળ બનાવે છે.

આ ખજાનાને મેળવવા રીવરડોવના પૂર્વજો પ્રયત્ન કરતા હતા. તેમણે તે ડેલ્ટાની આસપાસ એક મકાન પણ ખેતીની દેખરેખ માટે બનાવ્યું હતું. પણ તે ક્ષેત્રમાં ભૂતનો નિવાસ સમજી ડરના માર્યા તે છોડી દેવું પડ્યું. ત્યારથી તે એમ જ ખાલી પડ્યું છે. તેમાં રહેવાનું તો દૂર રહ્યું તેમાં રોકાવાની પણ હિંમત કરી શકાતી નથી.

ખજાનાને બહાર કાઢવાના પ્રયત્નો એક રીતે તો છોડી દેવામાં આવ્યા હતા, પણ રીવરડોવે હિંમત કરીને ફરીથી દાવ હાથમાં લીધો અને તે જાતે જ પુષ્કળ ધનસંપત્તિ મેળવવા માટે આગળ આવ્યો.

પૂર્વજોએ છોડેલા નકશાના આધારે તેણે ડેલ્ટાના તે દેશમાં પ્રવેશ કર્યો અને પોતાના સાથીદારો સહિત ખોદકામ કર્યું.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કાદવમાં પગ વારંવાર અંદર ફસાઈ જતા પણ તેમણે ખોદકામ ચાલુ રાખ્યું. પાવડો કોઈ ધાતુથી બનેલા વાસણ સાથે અથડાયો અને ઠનન અવાજ થયો. કાદવ હટાવી જોયું તો લોખંડનો બનેલો એક વિશાળકાય ઘડો સામે હતો. હીરા-પન્નાથી ભરેલા આ ઘડામાં અબજોની સંપત્તિ બતાવવામાં આવે છે. તેટલી દોલત સામે પડેલી જોઈને ડીવની આંખો ચમકી ઊઠી. ધાતુનું ઢાંકણું મજબૂતાઈથી બંધ કરેલું હતું. તેને ખોલી શકાય તેમ નહોતું. છેવટે એ નિર્ણય કરવામાં આવ્યો કે આજુબાજુનો કાદવ હટાવી તેને ખુલ્લો કરી નાંખવામાં આવે અને પ્રયત્નપૂર્વક સમૂળગા ઘડાને બહાર જ ખેંચીને લઈ જવામાં આવે, પરંતુ દોરડું બાંધવા માટે આજુબાજુનો કાદવ હટાવવો જરૂરી હતો. ડીવ તે કામમાં રોકાયો.

પણ એવું બન્યું કે જેટલો કાદવ હટાવવાનો પ્રયત્નો કરવામાં આવ્યો, તેટલો ઘડો નીચે પેસતો ગયો. થોડીક જ વારમાં ડીવે જોયું કે ફક્ત ઘડો જ નહિ, પરંતુ તે પોતે પણ કાદવમાં ઊંડે પેસી ગયો છે. તેને જીવ બચાવવાનાં સાંસા પડવા લાગ્યા અને સળંગ છ કલાક કાદવ સાથે લડીને બહાર નીકળવામાં સફળ થયો.

કહેવાય છે કે કોઈ જમાનામાં નેટચેજ અને ન્યુ આર્લિએન્સની વચ્ચે પાંચસો માઈલ લાંબી સડક હતી અને તેની ઉપર સારો એવો વેપાર થતો હતો. તે ક્ષેત્રમાં કેટલાય ડાકુની ટોળકીઓ પણ હતી અને તેઓ ભારે લૂંટફાટ કરતા હતા. તે ડાકુઓમાં લૈફિટ, મેસન, હાર્પમાંથી કોઈકનો છે અને તેમણે ત્યારે તેને સુરક્ષિત જગ્યા સમજી તે ધનનો જથ્થો ત્યાં દાટ્યો હતો. પાછળ નદીનું પાણી વહેતું રહ્યું અને કાદવ વધતો ગયો. ડાકુઓ પકડાયા અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેમને મારી નાંખવામાં આવ્યા અને તે ધન ત્યાં ને ત્યાં દટાયેલું રહ્યું. રીવરના પૂર્વજોએ તે વિરાન જમીનને ખજાના વિશેની પ્રકાશમાં આવેલી કિંવદંતીને કારણે જ ખરીદી હતી.

કેટલાય એન્જિનિયર - ઠેકેદાર અને બીજા કુશળ ઉદ્યમી દર વર્ષે કાદવમાંથી ઘડો બહાર કાઢવાની યોજના લઈને આવતા રહ્યા. જે આવ્યા તેઓ ટકાવારીના ધોરણે લેખિત એકરારનામાના આધારે વિશાળ યંત્રો, પુષ્કળ સંખ્યામાં મજૂરો તથા વાંસ, દોરડાં વગેરે સાધનોની મદદથી તે બહાર કાઢવાના માથાતોડ પરિશ્રમ કરતા રહ્યા, પરંતુ કશુંય હાથમાં ન આવતું. ઘડો તેનાથી પણ વધારે ઊંડો ધસી જતો અને ખોદકામનું કાણું પહેલાંની સરખામણીએ વધારે પહોળું બની જતું. આ ગોલ્ડ હોલ (કાણું) અમેરિકાની બુદ્ધિ કૌશલ્ય અને ટેકનિકલ પુરુષાર્થ માટે હજુ પણ એક પડકાર રૂપ છે.

આ સંદર્ભમાં સૌથી મોટો પ્રયત્ન સને ૧૯૩૯માં થયો. પંપથી પાણી કાઢવાનો, ભારે બુલડોજરથી કાદવ હટાવવાનો, તથા બાજુમાંથી રસ્તો બનાવવાનો ઉપાય એન્જિનિયરોની સમિતિએ કર્યો. લાખો રૂપિયાની આ યોજના ઉત્સાહ સાથે શરૂ થઈ, પણ સફળતા આકાશપુષ્પની માફક આગળ વધતી ગઈ. સામે રાખેલો ઘડો બહાર કાઢનારાના પુરુષાર્થને પડકાર આપતો રહ્યો અને મજાક મશ્કરી કરતો રહ્યો. ક્રેન લગાવીને જ્યારે ઘડાની ગરદન પકડી લેવામાં આવી અને બહાર નીકળવાની આશા બંધાતી ગઈ ત્યારે અકસ્માતે એટલો પુષ્કળ વરસાદ શરૂ થઈ ગયો કે બધો જ પ્રયત્ન નિષ્ફળ ગયો. બુલેક અને સ્ટિકલોન જેવા વિખ્યાત એન્જિનિયર માથું કૂટતા પાછા આવ્યા.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ પ્રયત્નની અસફળતાના સમાચાર તે ક્ષેત્રના આદિવાસીઓએ ખૂબ જ ઉત્સાહથી સાંભળ્યા અને પોતાની વાત ઉપર પુષ્કળ વિશ્વાસ પ્રકટ કરીને કહ્યું કે ડાકુ મેસનનું માથું કપાયેલું ભૂત તે ખજાનાની રખેવાળી વર્ષોથી કરે છે અને તે એટલું જબરદસ્ત છે કે કોઈ પ્રયત્ન તેની વિરુદ્ધ સફળ નથી થઈ શકતો.

દાટેલો ખજાનો મેળવવાનાં જૂના ઢાંચાએ અત્યારે આધુનિક રૂપ ધારણ કર્યું છે - 'લોટરી' લોટરીના આ ગોરખધંધામાં લાખો લોકો બેધડક ખિસ્સા કપાવે છે. લોટરીમાંથી કોઈના હાથમાં કંઈક આવતું હશે. બાકીના તો ખજાનો મેળવવાની લાલચની માફક લાળ ટપકાવતાં જ રહી જાય છે. કાશ ! ન્યાય અને પરિશ્રમથી મેળવેલ આવકથી સંતોષ મેળવવાનું શીખી લીધું હોત તો તે થોડી કમાણીમાંથી પણ સુખ-શાંતિનું પ્રચુર પ્રમાણમાં દરેકને સહજ રીતે જ મળી શકત.

*



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ભ્રમિત ધારણાઓ

સામાન્ય રીતે વિચારવામાં આવે છે કે ધનવાન થઈને સુખી રહી શકાશે તે ભ્રમિત ધારણાને કારણે લોકો યોગ્ય-અયોગ્યનું ધ્યાન રાખ્યા વગર જેમ બને તેમ સંપત્તિ મેળવવાનો પ્રયત્ન કરે છે. પ્રયત્નનું પરિણામ પણ હોય છે. ઉદ્યમી માણસો ધનવાન બની પણ જાય છે પણ તે ધનથી સુખ મળશે જ તે સંપૂર્ણપણે સંદિગ્ધ છે. બીજા લોકો ધનવાનને સુખી સમજે તે વાત અલગ છે, અનીતિપૂર્વક આવક મેળવી તેને છાતી નીચે દબાવીને બેસી રહેનાર વ્યક્તિ વાસ્તવમાં તે ધનથી દુઃખ જ વધારે મેળવે છે, જેનાથી તૃષ્ણા પણ શાંત ન થાય અને લોક-પરલોકમાં દુઃખ ઉઠાવવું પડે, એવા દુઃખી ધનવાન બનવાથી શો લાભ ?

ઓસ્ટ્રિયાનો છેલ્લો રાજા એટલો ધનવાન હતો કે તેને 'ન ભૂતો ન ભવિષ્યતિ' કહેવાતું હતું. ઈ.સ.પૂર્વે ૨૨૬માં જ્યારે તે મર્યો, તો તે પોતાના મહેલમાં ઢગલો સોનાની અટારીઓ છોડી ગયો હતો, જેમાં પ્રત્યેકમાં ૪૦૪૧૦૨ ગ્રેનથી વધારે સોનું લાગેલું હતું. ઈતિહાસકાર ડેરોડૉલર મુજબ આ ઈમારતમાં ફક્ત સોનું જ ૭૮૪૩૨૫૦૦૦૦૦૦ તે દિવસોના ડૉલરની કિંમતનું હતું. સંયુક્ત રાજ્ય અમેરિકાનો બધો જ રાજ્ય ભંડાર ૪૮,૦૦,૦૦,૦૦૦ ડોલરનો હતો. અનુમાન લગાવવું જોઈએ કે સમગ્ર અમેરિકાની સરખામણીએ તે ધન ૨૦ ગણું વધારે હતું. નિનવે નગરના તે દિવસોનો વિશાળ વૈભવી રાજ્ય મહેલો સુધી જ મર્યાદિત રહ્યો. તેનાથી જનતા કોઈ લાભ ઉઠાવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકી નહિ. જ્યારે શાસન દુર્બળ થયું કે સમગ્ર રાજ્ય વૈભવ લૂંટારાઓ દ્વારા લૂંટાઈ ગયો અને તે ભવન ફક્ત ખંડેર બની ગયાં.

અલ્જીરિયાના સમુદ્રના ચાંચિયાઓએ ભૂમધ્ય સાગરમાંથી પસાર થતાં વહાણો માટે ભારે આતંક ફેલાવ્યો હતો. તેમના આક્રમણથી કદાચ જ કોઈક બચી જતું. આ રીતે તે ક્ષેત્રનો વેપાર એક રીતે બંધ પડ્યો હતો. ફ્રાન્સના લોકો તો તેનાથી તંગ આવી ગયા હતા પણ કશું કરી શકતા નહોતા. ૩૦૦ વર્ષોથી વધારે સમય સુધી અલ્જીરિયાના ચાંચિયાઓનો આ ઉત્પાત પેઢી દર પેઢી ચાલતો જ રહ્યો.

છેવટે ૭ નવેમ્બર, ૧૯૪૨ના દિવસે અમેરિકાના નેતૃત્વ હેઠળ એક જહાજીદળ આ ચાંચિયાઓ સાથે લડવા માટે મોકલવામાં આવ્યું. ફ્રાંસ પણ તેમાં જોડાયું હતું. અંતે ડાકુઓ ઉપર વિજય મેળવ્યો અને તેઓએ લૂંટેલું ધન પાછું લેવાનો નિર્ણય કરવામાં આવ્યો. ફ્રાંસ સરકારે ૧૮૩૦થી ચાલતી આ ચાંચિયાગીરીમાં ફ્રાંસને ઉઠાવવી પડેલી નુકસાનીનાં લેખાંજોખાં તૈયાર કરીને કહ્યું કે ૫૫૬૮૪૫૨૫ સુવર્ણ ફ્રેંક મુદ્રાઓની નુકસાની ભોગવવી પડી છે.

અલ્જીરિયાના ખજાનચી પાસેથી ચાવીઓનો ઝૂડો છીનવી લેવાયો. ખજાનો ખોલવામાં આવ્યો તો તેમાં સોનાની ઈંટો, હીરા, ઝવેરાત તથા નોટોના ઢગલા મેળવીને ગણવામાં આવ્યું તો તે ૫૫૬૮૪૫૨૫, નુકસાન ભરપાઈ માટે માગેલા ધનથી બરાબર બે ફ્રેંક ધન વધારે નીકળ્યું. આ રીતે ફ્રાંસે તો એક જ દિવસમાં બધું જ નુકસાન ભરપાઈ કરી લીધું અને અલ્જીરિયાવાસીઓને ૬૦૦ વર્ષની લૂંટભરી કમાણી ક્ષણભરમાં ગુમાવવી પડી. *



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ભેગું કરેલું ધન કે શાપ

સંચિત સંપત્તિ જે કોઈના કામમાં ન આવે, કોઈની જરૂરિયાત પૂરી ન કરે અને ન કોઈ પડેલાને ઊભો કરે તેને એક રીતે શાપ જ સમજવો જોઈએ. સંગ્રહખોરની તૃષ્ણા અને દયા તેને એક રીતે દુર્ભાગ્યનું પ્રતીક બનાવી દે છે, પછી સંપત્તિ જ્યાં પણ જેની પાસે રહે છે તેને સંકટમાં નાંખે છે.

સંસારના મૂલ્યવાન હીરાઓની સાથે એક વિચિત્ર ઈતિહાસ જોડાયેલો છે. તે લાંબા સમય સુધી કોઈની પાસે નથી રહ્યા. રોવડાવીને જ તે મેળવાયા અને જ્યારે તે ગયા ત્યારે પોતાની છાપ રુદન જ પાછળ છોડીને ગયા.

સંસારના પ્રસિદ્ધ કોહિનૂર હીરા પાછળ આવી જ પીડાકારક કથા જોડાયેલી છે. ૧૮૬ કેરેટનો આ મૂલ્યવાન હીરો ૧૪મી સદીથી ૧૮મી સદી સુધી ભારતમાં રહ્યો અને તેના લોભમાં અનેક રાજાઓ મહારાજાઓને પોતાના માથાં કપાવવાં પડ્યાં. નાદિરશાહે તેને પોતાના 'તખ્તતાઉસ' માં જડ્યો. પછી તે ઈરાન ગયો, ઈરાનથી પછી પાછો આવ્યો. પાછળથી અંગ્રેજો લઈ ગયા, આ દરમિયાન આ અભાગિયા હીરા માટે કેટલાયને જીવ ખોવા પડ્યા તેની એક રોમાંચક કથા છે.

રશિયાની મહારાણી કૈથરીનનો એક મૂલ્યવાન હીરો તેના પ્રિય પાત્ર પોટેમાક્રિન પાસે પહોંચ્યો. તેને નેપોલિયને છીનવ્યો અને પોતાની પત્ની યૂજીનને લગ્નની ભેટ રૂપે આપ્યો. તે બિચારી પણ તેને કૈથરીનની માફક ચેનથી પહેરી ન શકી. તે છીનવાયો અને ૧૮૭૨માં લંડનના બજારમાં તેને લીલામ કરી દેવાયો.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રશિયાના રાજદૂતની તેહરાનમાં હત્યા કરાઈ. તેની ઉપર આક્રમણ કરવા માટે રશિયાની ક્ષમા - યાચના રૂપે ઈરાને "શાહ ઑફ એશિયા" નામનો ૮૮.૫ કેરેટનો હીરો ભેટ આપી તે વખતના શાસક ઝારનો ગુસ્સો ઠંડો કર્યો.

ઈંગ્લેન્ડના રાજા હેનરી ઑફ નવારીના નાણામંત્રી ડી. સેન્સીએ એક કીમતી હીરો વિશ્વાસુ નોકર સાથે મોકલાવેલો, તેને ડાકુઓએ ઘેરી લેતાં તે સ્વામીભક્ત નોકરે પોતાનું પેટ ચીરી તેમાં તે હીરો છુપાવી દીધો. ડાકુઓએ તેને લૂંટીને મારી નાંખ્યો. રાજાએ તેની લાશની તપાસ કરાવી તો તેમાંથી તે હીરો મળી આવ્યો. ત્યારબાદ તે 'ડાસેન્સી' નામનો હીરો લુઈ ચૌદમા પાસે ચાલ્યો ગયો અને રડવાની પરંપરા સાથે તે ફરીથી કોઈ રાજપરિવારમાં જઈને છુપાયો.

'સ્ટાર ઑફ ઈસ્ટ' નામનો ૨૯ કેરેટનો હીરો આર્કડયૂક ફર્નિનેન્ડની પાસે હતો. તેમની હત્યા થઈ ગઈ. તેની હત્યાના બહાને ૧૯૧૪નું પ્રથમ વિશ્વયુદ્ધ છેડાયું અને તેણે લાખો લોકોના પ્રાણ લીધા. ત્યારબાદ કોણ જાણે તે હીરો ક્યાં ચાલ્યો ગયો.

૧૨૮ કેરેટનો હીરો 'સ્ટાર ઑફ સાઉથ' ના માલિકને મારીને તેના નોકરે ચોરી લીધો. નોકર સ્ટીમરમાં બેસીને તેને વેચવા માટે કોઈ બીજા દેશમાં જઈ રહ્યો હતો કે જહાજના કેપ્ટનને ખબર પડી ગઈ અને તેણે તેને મારીને તે હીરો ચોરી લીધો. તેને ગુપ્ત રીતે મદ્રાસના ગવર્નર સર ટૉમસ પિટે ખરીદી લીધો. જ્યારે તે ઈંગ્લેન્ડ પાછા પહોંચ્યા તો ખબર પડી કે તે રહસ્ય પહેલેથી જ લોકો આગળ ખુલ્લું પડી ગયું છે અને તેને લૂંટવા માટે ડાકુ લોકો પહેલેથી જ ઘાટ જોઈને બેઠા છે. પિટ જીવ બચાવવા માટે ભાગવાની તૈયારી કરવા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લાગ્યો અને ભિખારીનો વેશ બનાવી લાંબા સમય સુધી છુપાવતો ફર્યો. છેવટે કોઈને તે વેચીને તેનાથી છૂટ્યો. જેણે ખરીદ્યો હતો તે પણ મુશ્કેલીમાં ફસાયો અને છેલ્લે તેણે પણ કોઈ પણ જાતની કિંમત લીધા વગર તેને ફ્રાંસના રાજ્યકોશમાં જમા કરાવી દીધો.

પોતાની જાતને આકર્ષણનું કેન્દ્ર બનાવવાની દૃષ્ટિએ લોકો પોતાનામાં ધનની, કળાની તથા બીજી વિશેષતાઓ ઉત્પન્ન કરે છે અને તે વિચિત્રતાને કારણે લોકોનું ધ્યાન ખેંચીને પોતાના અહંકારની પૂર્તિ કરે છે. જેનાથી કોઈનું હિત ન થતું હોય તે આકર્ષણ મુશ્કેલીનું કારણ બને છે. લાલચુ આંખોથી જે કોઈ વસ્તુ જોવામાં આવે તે ઉપયોગી પણ હોવી જોઈએ. તેનાથી વિપરીત જો તે ફક્ત આકર્ષણ બનીને રહી જાય તો તે સંપત્તિ જનતાની નજર લાગવાથી નષ્ટ થઈ જાય છે. રૂપ સૌંદર્યથી માંડીને બિનઉપયોગી સંપત્તિની પણ એ જ દશા થાય છે.

સને ૨૮૬માં જન્મેલ અને ૩૧૨માં મરણ પામેલો ચીનનો પ્રસિદ્ધ રત્ન વેપારી વી.ચી. હ્વાન પોતાના વેપારની પ્રામાણિકતાની જેમ જ પોતાના રૂપ લાવણ્ય માટે પણ તેટલો જ પ્રખ્યાત હતો. તે જ્યાં પણ જતો દર્શકોની ભીડ લાગી જતી. કહેનારા કહેતા કે વિધાતાએ તેને જે બીબામાં ઢાળ્યો છે તેમાં બીજા કોઈને નથી ઢાળ્યો. જે જોતો તે અનિમેષ જોયા જ કરતો.

ચીનના રાજાએ તેને મહામંત્રી બનાવ્યો, પણ ત્યાં પણ તે રોકાયો નહિ, તેણે નાનકિંગ જવાની વાત વિચારી અને ત્યાં ચાલ્યો ગયો. નાનકિંગની જનતાએ આવો દેવતા જેવો સુંદર મનુષ્ય ક્યારેય પોતાની આંખોથી જોયો નહોતો, તો તેને જોવા માટે લોકોની ભીડ લાગી ગઈ. આટલા લોકોનું આ રીતે એકસાથે જોવાનું હ્વાનને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભારે પડી ગયું, તે શાપરૂપ પુરવાર થયું. તે ઊભો-ઊભો ઢળી પડ્યો અને દર્શકોની વચ્ચે જ તેનું મોત થઈ ગયું.

માણસ મોટાઈ માટે પણ પ્રયત્ન કરી શકે છે અને મહાનતાની દિશામાં પણ ચાલી શકે છે. આ બંને માર્ગો અલગ અલગ છે. પ્રતિભા ચોક્કસ રૂપે પ્રગતિની સંભાવનાઓ પ્રસ્તુત કરે છે અને સફળતાઓ સામે લાવીને ઊભી કરે છે, પણ મહત્ત્વ તે આવકનું નથી, તેના ઉપયોગનું છે. જો સદુપયોગ ન કરાયો તો તે આવકને નકામી ગણવામાં આવશે. માણસે નિર્ણય કરવો જોઈએ કે તેણે કઈ દિશામાં ચાલવાનું છે. લક્ષ્યમાં જરાક પણ અંતર રહેવાથી તેનાં પરિણામોમાં જમીન-આસમાન જેટલો ફરક પડી જાય છે.

સ્વિટ્ઝરલેન્ડની નોજન નદી પોતાના મૂળ ઉદ્ગમ સ્થાનેથી નીકળીને પોમ્પાપલ્સ નગરમાં બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. જમીનના ઢાળે આ વિભાજનને દિશાપરિવર્તન સ્વરૂપે પ્રસ્તુત કર્યું છે. અડધી નદી દક્ષિણ દિશા તરફ ગઈ અને તેનો અંત ભૂમધ્ય સાગરમાં થયો. બાકીની અડધી ઉત્તર દિશામાં વહી રહી છે અને છેલ્લે તે ઉત્તરી સાગરમાં મળી છે. વિભાજનની જગ્યાએ ઢાળનું અંતર જરાક જ છે પણ દિશા બદલાઈ જવાને કારણે એક જ નદીનું પાણી હંમેશાં અલગ અને એકબીજાથી ઘણે દૂરના સ્થાને જઈ પહોંચ્યું.

જેમ્સ સ્વેન આમ તો સ્કૉટલેન્ડનો નિવાસી હતો પણ રોજી રોટીની શોધમાં બહાર નીકળ્યો અને મૈસાચુસેટ્સ, વોસ્ટન વગેરેમાં થોડાંક ધંધાપાણી કરીને છેલ્લે તે ૧૭૮૭માં ફ્રાંસ પહોંચ્યો અને ત્યાં સ્થાયી રૂપે વસી ગયો. તેણે વેપારમાં સારી સફળતા મેળવી અને ક્રમશઃ વિકાસ કરતો કરતો મોટો ધનિક બની ગયો.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

તે સમયે ફ્રાંસ સરકાર અમેરિકાની દેવાદાર હતી. આમ તો ૨૦ કરોડ ડૉલર લેવામાં આવ્યા હતા, પરંતુ તેને વ્યાજ સહિત ૨૫ કરોડ ડૉલરમાં ચૂકવવાના થતા હતા. ફ્રાંસ સરકાર તે દિવસોમાં એવી તંગીમાં હતી કે તેટલું ધન સહજ રીતે ચૂકવવું શક્ય બને તેમ નહોતું. જેમ્સ વિચારતો રહ્યો કે જ્યારે રાષ્ટ્રીય સ્વાભિમાન દાવ ઉપર લાગ્યું હોય ત્યારે એક વ્યક્તિ ધનવાન બનીને જીવે તે નકામું છે. તેણે પોતાની બધી જ સંપત્તિ વેચી દીધી, તે એટલી બધી હતી કે તેટલાથી જ અમેરિકન સરકારનું બધું દેવું ઊતરી ગયું અને ફ્રાંસ ઋણ મુક્ત બન્યું.

સ્વેન પાસે પોતાના ગુજરાન માટે કશું બચ્યું નહિ. તે જેમતેમ કરીને ગુજરાન ચલાવવા લાગ્યો અને પાછળથી દેવાદાર પણ બન્યો. દેવું ન ચૂકવી શકવાના ગુના માટે તેને લાંબી સજા ભોગવવી પડી. જેલમાંથી છૂટ્યા બાદ તેનું સ્વાસ્થ્ય લથડી ગયું. છૂટ્યાને ત્રીસ દિવસ પછી જ તે અસહાય સ્થિતિમાં મરી ગયો. પણ તેણે કોઈને પણ કોઈ ફરિયાદ કરી નહિ કે મેં ફ્રાંસની જનતા માટે આટલું કર્યું તો બીજા લોકોએ મને જરાક પણ મદદ ન કરી. તેના મૃત્યુ બાદ લોકોને તે ધ્યાનમાં આવ્યું અને તે મરીને પણ અમર બન્યો.

ઉદાર માણસો ભલે ધન, વિદ્યા, બળ, વૈભવ ગમે તે મેળવે પણ તેમનું લક્ષ્ય તો એ જ રહે છે કે તેને લોકમંગળમાં જ ખર્ચવામાં આવે છે. એવા મનુષ્યો જ ધરતીના દેવ કહેવાય છે અને યુગોના યુગો સુધી યાદ કરવામાં આવે છે.

મનુષ્ય દ્વારા સંગ્રહાયેલા અને છુપાવેલા ખજાના કરતાં પ્રકૃતિના ખોળામાં સ્વાભાવિક ખજાના પણ કરોડો ગણા પ્રમાણમાં દબાયેલા પડ્યા છે. અન્ન, વનસ્પતિઓ તથા વિવિધ ખનિજ પદાર્થો સ્વરૂપે આપણે તેને આદિકાળથી મેળવતા રહ્યા છીએ અને અનંતકાળ સુધી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

મેળવતા રહીશું. પુરુષાર્થી અને મહેનતુઓ પહેલાં પણ મેળવતા રહ્યા છે અને હજુ પણ તેને મેળવતા રહે છે. કુદરતનું આ દ્વાર દરેકને માટે ખુલ્લું જ છે. તે ખુલ્લા હાથે બધાને પોતાનો ભંડાર લુંટાવી રહી છે. કોઈ પણ જાતની ઈર્ષ્યા કે લાલચ વગર આને દરેક પરાક્રમી સરળતાથી મેળવી શકે છે. અથાગ પરિશ્રમ અને સઘન મનોયોગનાં સાધનો લઈને જ્યાં પણ ખોદકામ શરૂ કરાશે ત્યાંથી સફળતાઓ રૂપી રત્નોનો જથ્થો મળવા લાગશે.

મનુષ્યનું પોતાનું વ્યક્તિત્વ પણ કોઈ મોટા રત્નભંડારથી ઓછું નથી. તેમાં ઈચ્છાશક્તિ, બુદ્ધિશક્તિ અને ક્રિયાશક્તિ સ્વરૂપે તે તિજોરીઓ ભરેલી પડી છે, જેની તુલના સંસારની બધી જ સંપત્તિઓને ભેગી કરીને પણ નથી કરી શકાતી. ‘બીજાની થાળીના ભાત મીઠા અને ઘરની ખીર નકામી’ લાગવાની ખરાબ આદત જ આપણને બીજાઓની કમાણીના છુપાવેલા ખજાના મેળવવા માટે લલચાવે છે, જ્યારે તેનાથી ક્યાંય વધારે મૂલ્યવાન ધન આપણામાં જ છુપાઈને સડી રહ્યું છે.

મફતનું ધન જેણે મેળવ્યું તેને બીજાઓની ઈર્ષ્યાના ભોગ તથા આક્રમણના શિકાર બનવું પડ્યું છે. તેણે પોતાની પાછળ ખરાબ પ્રેરણા અને પરંપરા છોડી છે. આપણે પણ જો તે રસ્તે ચાલવા લાગીએ તો તે દુઃખદ પરિણામોનું પુનરાવર્તન થશે જે અત્યાર સુધી થતું આવ્યું છે. ખજાનો મેળવવાનું મન હોય તો તેને વ્યક્તિત્વના શ્રેષ્ઠ ઉપયોગના ઉપાય દ્વારા જ શોધવા અને મેળવવાનો નિશ્ચય કરવો જોઈએ. આ રસ્તે ચાલતાં એટલી મોટી મોટી સફળતાઓ મળી શકે છે, જેની ખજાનો શોધનારા કલ્પના પણ નથી કરી શકતા.

*



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ધન-સમૃદ્ધિ માટે યોગ્ય ઉપાય કરો

સમાજનો મોટો વર્ગ ગરીબીનું જીવન જીવે છે. જે લોકોની રોજગારની જરૂરિયાતો પૂરી થઈ જતી હોય, જેમને તે જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ચિંતિત થવું પડતું નથી તેવા લોકો ખૂબ જ ઓછા હશે, તેમની સરખામણીમાં જેઓને પોતાની જરૂરિયાતોને પૂર્ણ  કરવા તનતોડ મહેનત કરવી પડે છે અને આવનાર કાલની ચિંતા સાથે રાત્રે સૂઈ જવું પડે છે તેવા ઘણા છે. નિર્ધનતા પોતાની પ્રાથમિક જરૂરિયાતો માટે પણ ચિંતિત અને શંકાશીલ રાખનારી પરિસ્થિતિનું નામ છે અને એ સ્થિતિ જેટલા વ્યાપક સ્વરૂપે લોકોને પરેશાન કરે છે તેટલી કદાચ જ બીજી કોઈ પરિસ્થિતિ પરેશાન કરતી હશે.

આ પરિસ્થિતિથી બધા પોતાને બચાવવા ઇચ્છે છે. ગરીબીને સુવિધા અનુસાર સુધારનારા લોકો શોધવાથી પણ જડતા નથી. નિર્ધનતાના નિવારણ માટે પણ લોકો પોતાની રીતે પ્રયત્નો કરે છે, પરંતુ તેમને સફળતા ઓછી જ મળે છે. એ જ કારણે નિર્ધનતા સંસારની સૌથી વધારે વ્યાપક અને ત્રાસદાયક સમસ્યા છે. જે કોઈ પણ આ રોગના શિકાર બન્યા છે તેમની તીવ્ર ઇચ્છા હોય છે કે તેનાથી છુટકારો મેળવીએ. ઇચ્છા પૂર્ણ કરવાના પ્રયત્નો પણ થાય છે, પરંતુ તેમાં સફળતા મળી જ જાય તે કંઈ નિશ્ચિત જણાતું નથી.

તેનાં અનેક કારણો છે. પહેલું તો એ કે મોટા ભાગના લોકો સમગ્રપણે  નથી ઇચ્છતા કે તેમની ગરીબી મટી જાય. તેમને ફક્ત એટલું જ જોઈએ છે કે બે વખતનું ખાવાનું, શરીર ઢાંકવા પૂરતાં કપડાં અને માથે છાપરું મળી જાય. એટલું જ પૂરતું છે. સંપત્તિ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેમને નથી જોઈતી. ખરેખર આ અપેક્ષાઓ પાછળ મોટે ભાગે તો આળસ અને સગવડ મેળવવાની લાલચ હોય છે. એવા લોકોનો એ દૃષ્ટિકોણ હોય છે કે જો ભોજન, કપડાં અને રહેઠાણની અમારી જરૂરિયાત પૂરી થતી રહે તો અમે આરામથી રહીએ અને મોજ કરીએ. તેમના માટે પરિશ્રમ જેટલો દુઃખદાયક છે, તેટલી ગરીબી દુઃખદાયક નથી. ગરીબીને સંપન્નતામાં બદલવાની ઇચ્છા રાખનારની સરખામણીમાં આરામથી વગર પરિશ્રમે બેઠાબેઠા ખાવાની ઇચ્છા ધરાવનાર લોકો વધારે છે. એટલા માટે આખો દિવસ મહેનત કરનાર ઘણા લોકો સાંજે પોતાની કમાણીનો મોટો ભાગ સટ્ટાના નંબર ઉપર લગાવતા જોવા મળી જશે. જુગાર લોટરી ખેલી નાંખશે. રિક્ષા-ગાડી ચલાવનાર મજૂર જેઓ પોતાને ગરીબીના સૌથી વધારે શિકાર બતાવે છે, તેઓ આખા દિવસમાં દસ-પંદર રૂપિયા રોજી કમાય છે. જ્યારે એક શાળામાં ભણાવનાર શિક્ષક કે ઑફિસમાં કામ કરનાર ક્લાર્ક માસમાં લગભગ અઢીસો-ત્રણસો રૂપિયા મેળવતો હશે.

રિક્ષા-ગાડી ચલાવનારમાં પણ બચત કરનાર અને શિક્ષક ક્લાર્કમાં પણ ખરાબ પ્રવૃત્તિઓ કરનાર હોય છે, પરંતુ ઉદાહરણ સ્વરૂપે આ રીતે એમ તો માની જ શકાય કે મેળવેલ કમાણીમાં જ સંતોષપૂર્વક ગુજરાન ચલાવીને ઓછામાં ઓછું નિર્ધનતાના ત્રાસમાંથી તાત્કાલિક મુક્તિ તો મેળવી જ શકાય, પરંતુ કહેવાઈ ગયું છે કે મોટા ભાગના લોકો માટે નિર્ધનતાને ભગાવવાની સમસ્યા ફક્ત એટલા માટે જ છે કે સગવડભર્યું જીવન પસાર કરી શકાય. આવી માનસિક તૈયારીથી સંપન્નતા સો ગાઉ દૂર રહે તો એ અસ્વાભવિક નથી.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિખ્યાત વિચારક સ્વેટ મોર્ડને ગરીબીથી મુક્તિ મેળવવા માટે ત્રણ સાધનો મુખ્યરૂપે બતાવ્યાં છે. મનમાંથી ગરીબીને ભગાડીને સમગ્ર રીતે સમૃદ્ધિને પોકારવી, કઠોર પરિશ્રમ અને આવક તથા ખર્ચનું સંતુલન. આ ત્રણ ઉપાય એવા છે જેને ઉપયોગમાં લાવી સમૃદ્ધિનું સ્વાગત કરી શકાય છે, તેને નિમંત્રણ આપી શકાય છે. કેટલાક લોકો એમ સમજે છે કે ગરીબી ઈશ્વરની ભેટ છે અને ભગવાન આપણને ગરીબ રાખવા ઇચ્છે છે. સૈદ્ધાંતિક રીતે તો એવું નથી, કારણ કે ભગવાને મનુષ્યને પોતાની ઉત્તમ રચના રૂપે બનાવ્યો છે. તે કોઈ પણ પરિસ્થિતિમાં નહિ ઇચ્છે કે તેનો પુત્ર રોટી-કપડાં પાછળ જ પોતાનું મૂલ્યવાન જીવન બરબાદ કરી નાંખે. જીવિત રહેવાનાં સાધનો એકઠાં કરવામાં જ તેનું જીવન ચક્ર પૂરું થઈ જાય. લૌકિક પિતા પણ જ્યારે પોતાના સંતાનને ગરીબ, તુચ્છ, નિર્ધન બની રહે તેવું નથી ઇચ્છતા, તો અલૌકિક અને સાંસારિક પિતાથી બધી વાતોમાં શ્રેષ્ઠ પરમપિતા પોતાના સંતાનને ગરીબ અને તુચ્છ જોવાનું કેમ પસંદ કરશે ?

ગરીબીને ઈશ્વરની ઇચ્છા માનવી એ મનની એક ભ્રામક કલ્પના છે, જે આળસ કે પ્રમાદને કારણે પરિશ્રમથી બચવા માટે પ્રેરે છે. મનની પ્રવૃત્તિ પરિશ્રમથી બચવા માટે નથી, પણ આળસ અને પ્રમાદ જ તેને આ રીતે ભ્રમમાં નાંખે છે તો મનને પહેલાં એ અનુભવ કરાવવાની જરૂર છે કે આપણે ગરીબ, તુચ્છ, નિર્ધન બની રહેવા માટે જ પેદા નથી થયા. બધાં જ ઐશ્વર્યોના સ્વામી પરમપિતાનું સંતાન મનુષ્ય ગરીબીમાં રહેવા માટે નથી જન્મ્યું. તે સમૃદ્ધ હોવો જોઈએ, બલકે એ પણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આભાસ કરવો જોઈએ કે સમૃદ્ધિ આપણને આપણા પિતાના વારસમાં મળી છે અને આપણે ગરીબ તુચ્છ ન રહી શકીએ.

એ એક આધ્યાત્મિક અને મનોવૈજ્ઞાનિક તથ્ય છે કે પોતાના વિશે આપણી જેવી ધારણાઓ હશે તેવા જ આપણે બનતા જઈશું. જેવું આપણે આપણું સ્વરૂપ સમજીશું તેવી આપણી પ્રવૃત્તિઓ, ક્રિયાઓ અને પ્રયાસ તે દિશામાં આગળ વધશે. માનવીય અસ્તિત્વ માટે મન એક કલ્પવૃક્ષ સમાન છે. જેના છાંયડામાં જે ઇચ્છા વ્યક્ત કરવામાં આવશે તે પૂરી થશે. આપણે વિચારતા રહીએ કે આપણે ગરીબ, નિર્ધન છીએ અને નિર્ધન જ જન્મ્યા છીએ, તથા દુઃખી જ બની રહીશું તો આકાશના તારા હાથમાં આવવાનું કદાચ સંભવી શકે, પણ સમૃદ્ધિવાન બની જવાનું કદી સંભવ નહિ બને.

મનને ગરીબીથી મુક્ત કરવા અને સમગ્ર રીતે સમૃદ્ધિને બોલાવવાની પરીક્ષા શું છે ? ઘણાં લક્ષણો વિપરીત હોવા છતાં પણ આપણે યોગ્ય પરિસ્થિતિનો અનુભવ નથી કરી શકતા. જેમ કે શરૂઆતમાં કહેવાયું છે કે ઘણા લોકો ગરીબીથી મુક્ત થવા જ નથી માગતા, ઊલટું ગરીબીને દોષ દેવાની આદત પાછળ, તેમની પરિશ્રમથી બચવાની, આરામથી ગુજરાન કરવાની ઇચ્છા રહે છે. મન ગરીબીથી મુક્ત છે કે નહિ, પ્રાણોમાં સમૃદ્ધિનો પોકાર છે કે નહિ તેની ખબર એ વાત ઉપરથી પડી શકે છે કે મુક્તિ અને પોકાર માટે આપણા પ્રયત્નો કેવા ચાલી રહ્યા છે. ઉદાહરણ તરીકે કોઈ નબળો વિદ્યાર્થી પરીક્ષા પાસ કરવાનો સંકલ્પ સાચા હૃદયથી કરે છે તો તે અભ્યાસ માટે પણ યોગ્ય પ્રયત્ન કરશે. બીમાર વ્યક્તિ સ્વાસ્થ્યની ઇચ્છા રાખે છે તો તે સ્વસ્થ થવા માટેના ઉપાયોથી માંડીને પોતાની આદતોમાં પરિવર્તન કરી લેશે, આપણે ક્યાંક પહોંચવાનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંકલ્પ કરીએ છીએ તો સંકલ્પ લેવાની સાથે જ યાત્રાની તૈયારીમાં પણ વ્યસ્ત થઈ જઈશું. મનને સમૃદ્ધ બનાવી લીધું છે એ સાબિત કરવા માટે કોઈ પ્રકારનો દાવો કરવાની જરૂર નથી પણ મનનો સંકલ્પ પ્રયત્નોની વિશાળતામાં જાતે જ વ્યકત થતો જશે. કોઈ વિખ્યાત વિચારકે લખ્યું છે - પરિસ્થિતિનું વિવેચન કરવાથી ખબર પડે છે કે નિર્ધનતા વ્યક્તિની પોતાની નિષ્ક્રિયતામાંથી ઉત્પન્ન થાય છે. કેટલાય લોકો કહે છે કે તેઓ ગરીબ પરિવારમાં જન્મ્યા છે, પરંતુ તે લોકો એ નથી વિચારતા કે જન્મ્યા ત્યારે લખતાં વાંચતાં પણ નહોતું આવડતું, પછી તેમણે ભાષાની ક્ષમતા કેવી રીતે મેળવી ? વારસામાં મળેલી નિર્ધનતા વ્યક્તિને સાધન વગરના ભલે બનાવે, પરંતુ લૂલા-લંગડા ન બનાવી શકે. સંકલ્પવાન, મહત્ત્વાકાંક્ષી વ્યક્તિ પોતાની કૌટુંબિક નિર્ધનતામાંથી પ્રેરણા લઈને જ આગળ વધે છે.

સો એ સો ટકા દઢતાપૂર્વક એ કહી શકાય કે જેણે પોતાના મનને સમૃદ્ધ બનાવવા માટે પ્રતિજ્ઞાબદ્ધ બનાવી લીધું છે તે સમૃદ્ધિ માટે નિશ્ચિતપણે સક્રિય રહેશે જ, શરીરને ગરીબીથી મુક્ત કરવું, દિલથી સમૃદ્ધિને પોકારવી તથા તેને મેળવવા માટે સક્રિય બનવાની સાથે સમૃદ્ધિનું ત્રીજું સોપાન છે આવક અને ખર્ચનું સંતુલન.

કેટલાય લોકોની જરૂરિયાતો અથવા ખર્ચનું પ્રમાણ એ રીતે વધી ગયું હોય છે કે તેમને પોતાની કમાણીનો મોટો ભાગ જ નહિ, પણ તેનાથી વધારે પણ ખર્ચ કરી નાંખવો પડે છે. તેઓ દેવું કરીને ખર્ચ કરતા હોય છે અથવા તેનો ખર્ચ કાઢવા માટે તેવી વ્યક્તિઓને અનૈતિક ઉપાયોનો સહારો લેવો પડે છે. અનૈતિક પદ્ધતિઓ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અપનાવીને અત્યાર સુધી કોઈ પણ વ્યક્તિ સમૃદ્ધ થયો નથી. જે લોકો અનૈતિકતાથી સુખી બને છે, તેમની સમૃદ્ધિનાં ભવનો પત્તાંના મહેલ જેવાં હોય છે. જે થોડીક હવાથી પણ કકડભૂસ થઈને પડી જતાં હોય છે.

સમૃદ્ધિનો એક સોનેરી નિયમ છે કે આવક કરતાં ઓછો ખર્ચ કરવામાં આવે. જેટલું કમાવામાં આવે તેમાંથી થોડોક ભાગ સંકટ સમય માટે કે બીજા સમય માટે બચાવીને રાખવામાં આવે. પ્રચલિત ઢાંચાના પ્રયાસ ક્યારેય નિશ્ચિત આવકથી વધારે મેળવી શકતા નથી. તેના માટે હંમેશાં નવાં પગલાં ઉઠાવવાં પડે છે, માટે યોગ્ય એ છે કે નવાં પગલાં ઉઠાવવાની સાથે જ્યારે પરિસ્થિતિઓ બદલાય અને કદાચ તેનું સ્વરૂપ પ્રતિકૂળ બની જાય તો તે સમય માટે રક્ષણની વ્યવસ્થા કરીને રખાય.

ગમે તે હોય, આવકથી ઓછું ખર્ચ કરવું દરેક રીતે લાભદાયક છે. તેનો અર્થ કંજૂસાઈ પણ નથી. સમજણપૂર્વક પોતાના સમય, ધન અને શક્તિઓને ઉપયોગી કાર્યોમાં લગાવવાં તે જ સમૃદ્ધિનું મૂળ છે. ઉડાઉગીરીનો સ્વભાવ બનાવવાનો અર્થ છે "ઘર ફૂંકીને તમાશો જોવો" વ્યસન, નકામા કામ, વિલાસિતા અને મોજમસ્તીમાં ડૂબેલી રહેનાર વ્યક્તિઓ બીજી કોઈ ભલે હોય પણ સમૃદ્ધિની મંજિલના યાત્રી તો ન જ હોઈ શકે. કારણ કે જેને પોતાની શક્તિઓની સાચી કિંમતની ખબર નથી, જે તેનો આદર કરવાનું જાણતો નથી, જેને સાધનોનો ઉપયોગ કરવાનું જ આવડતું નથી તેની પાસેથી સમૃદ્ધ થવાની આશા ક્યા આધારે રાખી શકાય. સંજોગવશાત્ કદાચ તેને સમૃદ્ધિ મળી જાય તો પણ તે તેને કેવી રીતે સાચવીને રાખી શકે ?



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

નકામા ખર્ચ નિર્ધનતાની જનની કહેવામાં આવે છે. પોતાની જરૂરિયાતોને આવક સુધી જ મર્યાદિત રાખીને, શક્ય હોય ત્યાં સુધી તે જરૂરિયાતોને ઓછી રાખીને કોઈ પણ વ્યક્તિ કોઈ પણ વધારાના પ્રયત્નો કર્યા વગર સમૃદ્ધિની મંજિલ પાર કરી શકે છે. સંસારમાં આજે એટલાં દુઃખ, ભય, ક્ષોભ, વિષમતા અને સમસ્યાઓ છે, જેને લઈને ઘણા લોકો ભારે ચિંતા પ્રકટ કરતા રહે છે. સાધારણ મનોભૂમિની વ્યક્તિ જો તે ચિંતાનો બોજ ઉપાડીને ફરતી રહે તો સંભવ છે કે તે પોતાનું દૈનિક જીવન પણ સારી રીતે ચલાવી ન શકે. કારણ કે ફક્ત ધન જ નહિ, પરંતુ તેની બીજી શક્તિઓ વિવિધ રીતે નકામી નષ્ટ થતી રહે છે અને વેડફાતી રહે છે. તેને સાચવી રાખીને જ મનસ્વી માણસો પ્રયત્ન કરતા રહે છે અને તેમના પ્રયત્નોનું ફળ એ છે કે માનવીય સભ્યતા તે સમસ્યાઓ હોવા છતાં પણ નિરંતર પ્રગતિ કરતી રહી છે.

મનને નિરાશાવાદી વિચારો અને ભાવનાઓથી મુક્ત બનાવીને સાચા મનથી જો સમૃદ્ધિ માટે કોઈ પ્રયત્ન કરવામાં આવે તો તેની અસફળતાનો કોઈ આધાર જ રહેતો નથી.

*



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# સોડ હોય તેટલો સાથરો તાણો

એક વિદ્વાનનો મત છે કે જરૂરિયાત શોધખોળની જનની છે. આજે દુનિયામાં ઉપલબ્ધ ભૌતિક કે આધ્યાત્મિક વસ્તુઓ ઘણી છે, પરંતુ તે બધી જ આપણી જરૂરિયાતોની દેન છે. આપણી જરૂરિયાત જ તે અલ્લાઉદ્દીનનો ચિરાગ છે જેણે આટલાં બધાં સંશોધનોને આપણી સેવામાં લગાવી દીધાં છે, પરંતુ આપણે અર્થશાસ્ત્રના નિયમો સિદ્ધાંતોને એકદમ ભુલાવી ન દેવા જોઈએ. જરૂરિયાતો અમર્યાદિત છે અને તેની પૂર્તિનાં સાધનો મર્યાદિત છે. આ મર્યાદિત સાધનોથી અમર્યાદિત જરૂરિયાતોની તૃપ્તિ સંભવ નથી. તો આપણે આપણી જરૂરિયાતો વધારી દઈએ અથવા સાધનોનો ખોટો ઉપયોગ કરવા લાગી જઈએ તો આપણી અનેક પરેશાનીઓનું કારણ આપણે પોતે બની જઈશું. એટલું જ નહિ ક્યારેક તો આ મુશ્કેલીઓ સમાજ અને દેશ માટે પણ ઘાતક સાબિત થાય છે.

આજે સમાજમાં ચારેબાજુ એ રોદણાં સાંભળવા અને જોવા મળે છે કે આ મોંઘવારી રૂપી 'મગરે' પરિવારની બધી જ આવક ગળી જવાનો નિર્ણય કરી લીધો છે. પરિવારની સારી એવી આવક હોવા છતાં પણ આ કમરતોડ મોંઘવારીને કારણે ગુજરાન ચલાવવું સંભવ બની શકતું નથી. પરિણામે માનવીય મન અશાંત તેમજ દુઃખી રહે છે. આ હાલત તેવા લોકોની છે જેમની આવક સારી એવી છે. પછી મોંઘવારીને કારણે ઓછી આવકવાળા લોકોની શું હાલત હોય, તે વાતની કલ્પના સારી રીતે કરી શકાય છે.

મોટા ભાગના લોકો જે બિનજરૂરી તેમજ નકામા ખર્ચાથી ટેવાયેલા હોય છે, તે લોકો સારી આવક છતાં પણ પોતાનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખર્ચ ચલાવવામાં અસમર્થ હોય છે. તે ઇચ્છાઓને વશ થઈ દરેક વસ્તુ મેળવવાનો પ્રયત્ન કરે છે, એવું કરનારા મોટા ભાગના તે લોકો જ હોય છે કે જે ઇચ્છાઓ અને જરૂરિયાતોનું અંતર સમજતા નથી. ઇચ્છાઓ અને જરૂરિયાતોમાં ઘણો તફાવત છે. જરૂરિયાતોના પણ ભેદ હોય છે, જેમાં અનિવાર્ય જરૂરિયાતો વધારે મહત્ત્વપૂર્ણ હોય છે. એક વ્યક્તિ માટે અન્ન, વસ્ત્ર અને રહેઠાણ પહેલી જરૂરિયાત છે. તાત્પર્ય એ છે કે જરૂરિયાતો જો યોગ્ય ક્રમમાં હોય તો ક્યારેક ને ક્યારેક પૂરી થઈ પણ શકે છે, પણ ઇચ્છાઓની કોઈ સીમા નથી, મનુષ્ય તેને કયારેય પૂરી કરી શકતો નથી.

ઘણુંખરું એવું જોવા મળે છે કે લોકો પોતાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખ્યા વગર વધારે ને વધારે વસ્તુઓ ખરીદવાના ચક્કરમાં મુશ્કેલીઓના ભોગ બને છે. બિચારાને એની ખબર પણ નથી હોતી કે વગર ભૂખે ખાવામાં આવેલું ભોજન સંતોષ તો નહિ આપે, પણ અનિષ્ટ જ કરશે. પેટ ખરાબ થઈ જશે અને પરિણામ એ આવશે કે શરીરની બધી પ્રવૃત્તિઓ અસ્તવ્યસ્ત થઈ જશે. આ પરિસ્થિતિ કબાડીની માફક વસ્તુઓ ખરીદીને એકઠી કરનારાની હોય છે. તે સારી-ખોટી વસ્તુઓનો ઢગલો કરી દે છે, જે પડી પડી બરબાદ થાય છે તથા ખરીદનારને ગાળો આપે છે.

મોટા ભાગના લોકો પોતાની જરૂરિયાતો તરફ ધ્યાન આપ્યા વગર હરાજી વગેરેમાં સસ્તા માલના ચક્કરમાં ઘણી વસ્તુઓ ખરીદી લે છે. ખરીદવામાં આવતી વસ્તુ તેમના માટે શું અને કેટલી ઉપયોગી છે, તેના ઉપર વિચાર કરવાની જરૂર નથી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમજતા. આ રીતે તે લોકો એક બાજુ પોતાના ધનની બરબાદી કરતા હોય છે, જે કૌટુંબિક બજેટને નબળું બનાવે છે, તો બીજી બાજુ તે બિનજરૂરી ચીજો પણ ઘરમાં પડી પડી ખરાબ થવાની સાથોસાથ ઘરને કબાડીખાનું બનાવવામાં મદદરૂપ બને છે.

આજના આ ભૌતિકવાદી યુગમાં આ સસ્તાનું ચક્કર પણ બિનજરૂરી વસ્તુઓ ખરીદવામાં મોટો ભાગ ભજવે છે. અમારી પાડોશમાં એક ભાઈ સાહેબ ભાડાના મકાનમાં રહે છે, તેમણે પોતાનું અંગત મકાન બનાવવાના આશયથી થોડીક જમીન ખરીદી. પછી મકાન બનાવવા માટે પૈસાની શોધમાં લાગેલા રહ્યા. આ દરમિયાન તેમને ખબર પડી કે એક બીજી જમીન સસ્તામાં વેચાઈ રહી છે. બસ પછી તો પૂછવું જ શું, તે સજ્જને વગર જરૂરિયાતે તે જમીન પણ ખરીદી લીધી. હવે તમે જ વિચારો કે આ ખરીદીમાં ક્યો તુક્કો હતો. જ્યારે તેમની પાસે પહેલાંથી જમીન હતી જ. હવે જુઓ સાહેબ, તેમની પાસે બે-બે જમીનના ટુકડા હોવા છતાં પણ ભાડાના મકાનમાં પડ્યા છે. આ કઈ બુદ્ધિમત્તા છે ? આવા બુદ્ધિના દુશ્મનોને શું કહેવું ?

અવારનવાર આપણે આવા અનેક માણસો સાથે વ્યવહાર કરવો પડે છે, જેમને બિનજરૂરી ખરીદીનો શોખ હોય છે. આજે સાધારણ લોકોના ઘરમાં કેટલાય જોડી મોજાં, બૂટ-ચંપલ, ટાઈ, ડઝનબંધ કપડાં રાખવામાં આવે છે. એટલું જ નહિ હવે તો છેલ્લાં બે-ત્રણ વર્ષથી લોકો અનાજ પણ જરૂર કરતાં વધારે ખરીદીને રાખવા લાગ્યા છે. માણસ જેટલી વસ્તુઓ ખરીદી લે છે, તે બધી જ એકસાથે તો કામમાં આવતી નથી. પરિણામે પડીપડી ખરાબ થાય છે. તેને સાચવવા અને ખરીદવા માટે જે પરિશ્રમ અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આર્થિક વ્યય કરવો પડ્યો તે અલગ. આથી આપણે આપણી જરૂરિયાત મુજબની જ ચીજો રાખવી જોઈએ.

જો આપણે સુખી જીવનની ઇચ્છા રાખતા હોઈએ તો જેટલી ચાદર હોય તેટલા જ પગ લંબાવવાની વાતને આપણી ઉપર લાગુ પાડવી જોઈએ અને જરૂરિયાત વગરની ચીજોને ખરીદીને ઘરને ગોદામ બનાવવાની ખરાબ આદતથી છૂટવું જોઈએ.

અહીં એ વાત બતાવવી અતિશયોક્તિ પૂર્ણ કે બિનજરૂરી નથી કે જરૂરિયાતો હનુમાનના પૂંછડાની માફક વધતી જ જાય છે. એક પછી બીજી, બીજી પછી ત્રીજી અને પછી આ ક્રમ ચાલુ રહે છે. એટલા માટે જરૂરિયાતોને ઓછી કરવી તે પણ સુખી જીવન જીવવાનો ગુરુ મંત્ર છે. અર્વાચીન અર્થશાસ્ત્રીઓમાં ડૉ. મહેતા નામના અર્થશાસ્ત્રી થઈ ગયા. ડૉ. મહેતાએ પોતાના અર્થશાસ્ત્રના સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે. ઉપલક રીતે તેમણે પોતાના સિદ્ધાંતમાં એ બતાવ્યું છે કે આપણે જરૂરિયાત વગરના થઈ જવું જોઈએ, પછી સંસારમાં કોઈ આર્થિક સમસ્યા નહિ રહે.

ડૉ. મહેતા દ્વારા સ્થાપિત ઉપરનો સિદ્ધાંત ફક્ત સિદ્ધાંત હોઈ શકે છે. સંસારમાં કદાચ જ કોઈ એવી વ્યક્તિ અપવાદ રૂપે હશે, જે પોતાની જરૂરિયાતો સમાપ્ત કરીને પૂર્ણ સંતુષ્ટ બની શકે. ખરેખર આપણે આપણા વ્યાવહારિક જીવનમાં અર્થશાસ્ત્રના સામાન્ય નિયમોને ધ્યાનમાં રાખીને આપણી જરૂરિયાતોની પસંદગી કરીને ક્રમબદ્ધ રીતે પૂરી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. એટલા માટે સૌથી પહેલાં ધ્યાન આપવા જેવી વાત એ છે કે પહેલાં વ્યાવહારિક બજેટ તૈયાર કરી લેવું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

જોઈએ. જેમાં અનિવાર્ય જરૂરિયાતોને પહેલી પસંદગીના ક્રમમાં રાખવી જોઈએ. જેમ માણસ માટે ભોજન પહેલી જરૂરિયાત છે. પછી, વસ્ત્ર, મકાન, દવા, શિક્ષણ વગેરે, આથી કૌટુંબિક બજેટમાં ભોજન માટે કરવામાં આવતા ખર્ચને સૌ પ્રથમ પસંદગી આપવી જોઈએ.

વર્તમાન યુગમાં પૈસાનું મહત્ત્વ વધતું જઈ રહ્યું છે અને તેની કાર્યશક્તિ ઘટતી જઈ રહી છે. આવી સ્થિતિમાં થોડાક પૈસા હંમેશાં આપણી ગાંઠમાં બાંધીને રાખવા ઘણા જરૂરી બની ગયા છે, કારણ કે એ આપણો સાચો મિત્ર છે જે આપણી દરેક જરૂરિયાતને તરત જ હલ કરવા માટે સમર્થ છે.

આપણે સુખી જીવન જીવવા માટે જરૂરિયાતોની પસંદગી ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. તે માટે અર્થશાસ્ત્રના સામાન્ય નિયમોનું પણ થોડુંક જ્ઞાન જરૂરી છે. આથી આપણી ભાવિ જરૂરિયાતોની પસંદગી તેમજ પૂર્તિ માટે ઉપર્યુક્ત વાતોને ધ્યાનમાં રાખી સુખ તેમજ સંતોષ પ્રાપ્ત કરીએ.

*

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org